# જૈન આદર્શ પ્રસંગો
## ભાગ ત્રીજો

લે ખ ક

મુનિશ્રી ભદ્રેશ્વરવિજય મહારાજ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ૐ હ્રીં શ્રી અર્હં નમોનમઃ
પ્રેમ-ભુવનભાનુ-જયઘોષસૂરિભ્યો નમઃ

# જૈન આદર્શ પ્રસંગો

## (જૈનોના શ્રેષ્ઠ સત્ય દૃષ્ટાંતો)


: લખક :

**મુનિ ભદ્રેશ્વરવિજય**

: સંપાદક :

**ગણિશ્રી ભુવનસુંદરવિજય**



: પ્રકાશિકા અને પ્રાપ્તિસ્થાન :

**તપોવન સંસ્કૃત પાઠશાળા**

ધારાગિરિ, નવસારી ૩૯૬૪૨૪




Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આવૃત્તિ પ્રથમ : સં ૨૦૫૨ અષાઢ/તા. ૧૭-૭-૯૬ નકલ : ૩૦૦૦
આવૃત્તિ દ્વિતીય : સં ૨૦૫૨ પર્યુષણા પર્વાધિરાજ/તા. ૧૭-૯-૯૬ નકલ : ૩૦૦૦

**કિંમત : રૂ. ૫/-**

૧૦૦૦ નકલ લેનારને વિશેષ કન્સેશન મળશે.
૧૦૦ નકલ લેનારને કન્સેશન મળશે.

**કન્સેશનથી પ્રાપ્તિસ્થાન અને સંપર્ક : અમદાવાદ :-**

૧. રસિકલાલ નેમચંદ તનમન : ૧૪, મંગલપાર્ક સોસાયટી, નવા વિકાસગૃહ પાસે, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭, ટે. નં. ૪૧૦૬૮૩, ૪૧૦૬૧૫
૨. પરેશભાઈ હર્ષદભાઈ : ૭, માથેરાન સોસાયટી, ભગવાનનગરનો ટેકરો, મહાલક્ષ્મી ચાર રસ્તા, પાલડી, ટે. નં. ૬૬૩૮૭૭૫, (O) ૨૧૧૦૫૮૮
૩. રસિકલાલ રતિલાલ શાહ : એલ. કે. ટ્રસ્ટ બીલ્ડીંગ, પાંચકુવા, બરોડા બેંકની સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૨. ટે. નં. ૩૩૮૨૪૪, ૩૩૬૫૨૫

**અન્ય પ્રાપ્તિસ્થાન : અમદાવાદ :-** ટે. નં.

★ જીતેન્દ્ર, કિન્નર : ૧, સુજલ ડુપ્લેક્ષ, મંગલપાર્ક સોસાયટી, ૪૧૫૩૫૨
★ ઉરેશભાઈ : ૩૦૨, ૧૦૨, પ્રકૃતિ-એ ફ્લેટ, જૈનનગર. ૬૬૩૫૦૧૩
★ નિરંજનભાઈ, દ્વિનેશ : ૧૧, ૧૨, ભૂમિ એ. આનંદનગર, ભઠ્ઠા, પાલડી, અમદાવાદ-૭. ૬૬૩૮૧૨૭
★ ગીરીશભાઈ : ૨, સુમેરૂ ડુપ્લેક્ષ, ફત્તેહપુરા, પાલડી, ૬૬૨૦૧૩૪
★ મુંબઈ : નીલેશ ૮૭/૨, જવાહરનગર, ગોરેગાંવ (વે.) ટે. ૮૭૨૭૪૪૮

| **પ્રકાશિત થયેલ પુસ્તકો** | **રૂ.** |
|---|---|
| જૈન આદર્શ પ્રસંગો ૧-૨-૩ (દ્વિરેકના) | ૫ |
| જૈન આદર્શ પ્રસંગો ભાગ ૧-૨ | ૧૦ |
| જૈન આદર્શ પ્રસંગો (લઘુપુસ્તિકા) | ૩ |
| જૈન આદર્શ પ્રસંગો લઘુપુસ્તિકા ભાગ-૨ (દ્વિવાળીમાં) | ૨ |
| જૈન આદર્શ પ્રસંગો ભાગ-૪ (પ્રાયઃ કારતકમાં છપાશે) | ૫ |

**સૌજન્ય :** પોપટલાલ વેણીચંદ મહેતા ઇડરવાળા હ. કંચનબેન

**પૂજન-પૂજા, પ્રવચન, યાત્રા, તપશ્ચર્યા, શિબિર, બર્થ-ડે વગેરે શુભ પ્રસંગે ભેટ આપવા યોગ્ય પુસ્તક**

આ પુસ્તકના ૩ ભાગની કુલ ૨૭,૭૦૦ નકલો ૨ વર્ષમાં છપાઈ છે.

*મુદ્રક : પારિજાત પ્રિન્ટરી ૨૮૮/૧, રાણીપ અમદાવાદ ફોન : ૭૪૭૭૮૫૮*

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# જરા થોભો

**આ સત્ય પ્રસંગો વર્તમાનકાળના છે.** સાચી કથાઓ જીવને ખૂબ ગમે છે. એ આત્માને ધર્મમાં આગળ વધવાનું ખૂબ બળ આપે છે. સત્ય **ધાર્મિક ઘટના**ઓની એ વિશેષતા છે કે એ વાંચતા સાંભળતા **આરાધકો પ્રત્યે અત્યંત આદર પેદા કરે છે !** આ આદરભાવ અને અનુમોદના આપણા અનંતા કર્મોનો નાશ કરે છે.

શુભ આલંબનોથી ધર્મ કરવાના ભાવ જાગવા છતાં કલિકાળને કારણે આચરણમાં ઘણાં લાવી શકતા નથી. છતાં હળુકર્મી જીવો આવા **શુભવાંચન વગેરે સુંદર નિમિત્તો સતત સેવે તો પુણ્ય બંધાય, સંસ્કારો પડે, ગુણોના બીજ આત્મામાં વવાય વગેરે ઘણાં લાભ થાય.** માત્ર મોજશોખમાં જીવનાર આત્મામાં યોગ્યતા હોય તો પણ અશુભ નિમિત્તોને કારણે અશુભ આચારો અને વિચારોમાં જ જીવન **વેડફાઈ જાય** અને દીર્ઘકાળ ભયંકર દુઃખો તેને ભોગવવા પડે. તેથી હે ભવ્યો ! તમે મન મક્કમ કરી રોજ આવા શુભ નિમિત્તોનું સેવન કરો.

આ પુસ્તકના ત્રણે ભાગ માટે પ.પૂ.પં.શ્રી રત્નસુંદરવિજય મ. સા. આદિ ઘણા મહાત્માઓ તથા ઘણા શ્રાવકોના ખૂબ સારા અભિપ્રાય આવ્યા છે. તમારા પરિવાર અને બીજાઓને પણ આ પુસ્તક વંચાવવાથી તેમને ઘણો લાભ થશે. આ બધા પ્રસંગો સાચા જ છે. છતાં કેટલાક પ્રસંગમાં પાત્રના નામ બદલ્યા છે.

આના ૩ ભાગ ઘણાંને ગમ્યા છે. બે **વર્ષમાં પ્રથમ ભાગની ૭ આવૃત્તિ અને** ૧૧ વર્ષમાં **બીજા ભાગની** ૪ **આવૃત્તિ છપાઈ. લંડન, મદ્રાસ. મુંબઈ,** બેંગ્લોર વગેરે **ઘણાં સ્થળેથી આની સેંકડો નકલો મંગાવી છે આ ત્રીજા ભાગમાં પણ વિશેષ પ્રેરણાદાયી પ્રસંગો રજૂ કર્યા છે.**

ભવોદધિતારક, પરમોપકારી, શાસન પ્રભાવક, પ. પૂ. ગુરુદેવ આચાર્ય ભગવંત શ્રીમદ્ **વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. સા.** તથા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પરમોપકારી, વર્ધમાનતપોનિધિ, પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. સા.** તથા પરમોપકારી, સિદ્ધાંતદિવાકર, પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ **વિજય જયઘોષસૂરીશ્વરજી મ. સા.** ના અગણિત ઉપકારોનો હું ઋણી છું.

**ગણિવર શ્રી ભુવનસુંદરવિજયજીએ** ખૂબ વ્યસ્તતા વચ્ચે સમય કાઢી આનું સંપાદન કર્યું છે તથા **પ.પૂ.પં.શ્રી હેમરત્નવિજયજી મ., પ.પૂ.પં.શ્રી જયસુંદરવિજયજી મ., ગણિવરશ્રી ભુવનસુંદરવિજયજી, ગણિવરશ્રી ગુણસુંદરવિજયજી, મુનિશ્રી અક્ષયબોધિવિજયજી, મુનિશ્રી મેઘદર્શનવિજયજી, મુનિશ્રી અનંતબોધિવિજયજી, મુનિશ્રી જયપદ્મવિજયજી, મુનિશ્રી જયદર્શનવિજયજી,** આદિ ઘણા મહાત્માઓએ લાગણીથી પ્રસંગો આપ્યા છે તે સર્વનો ખૂબ ખૂબ આભાર. કેટલાક સુશ્રાવકોએ પણ પ્રસંગો મોકલ્યા છે. **જિનાજ્ઞાવિરૂદ્ધ કાંઈ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડં.**

**ઓપેરા, પાલડી, અમદાવાદ** —**મુનિ ભદ્રેશ્વરવિજય**

## લઘુ અનુક્રમણિકા


| **વિષય** | **પ્રસંગ** |
|---|---|
| ધર્મનો પ્રભાવ અને ચમત્કારો | ૧ થી ૧૭ |
| પુનર્જન્મ | ૧૮ - ૧૯ |
| બ્રહ્મચર્યની અદ્‌ભૂત વાતો | ૨૦ થી ૨૩ |
| વિશિષ્ટ આરાધનાઓ | ૨૪ થી ૩૫ |




Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# પ્રાક્કથન.....

વિદ્વાન પૂજ્ય મુનિરાજશ્રી ભદ્રેશ્વરવિજયજી મ. દ્વારા ઘણીજ મહેતન લઈ તૈયાર કરાયેલ પુસ્તક ''આદર્શ જીવન પ્રસંગો'' નો આ ત્રીજો ભાગ છે. **આમાં આપણને વિશેષ પ્રેરણા મળે અને આરાધના કરવાનો ઉલ્લાસ જાગે તેવા સુંદર સુંદર સત્ય પ્રસંગો** મહેનત કરી મેળવીને અહીં રજુ કરાયા છે. **આત્માર્થીઓએ તેને વારંવાર ખાસ વાંચવા-વિચારવા જેવા છે.**

વર્તમાનકાળમાં આપણી સામે જ રહેલા સાધકો જેઓ આપણા જેવી જ માટીની કાયાવાળા, છેવટ્ઠા સંઘયણવાળા અને આપણા જ વાતાવરણમાં રહે છે, છતાં પ્રબળ રીતે દાન, શીલ, તપ, ત્યાગ, ભક્તિ, સદાચાર, સંયમ, ક્ષમા, પરોપકાર આદિ ધર્મોની આરાધના કરે છે, તેના જીવનમાંથી તે તે પ્રકારની **ઉચ્ચ આરાધનાની પ્રેરણા લઈ આપણે પણ તેવા ગુણયુક્ત બનવા પ્રયત્ન કરવો જોઈએ.** ચરમાવર્તમાં આપણે છીએ માટે આ ભાવ અને પ્રયત્ન નિમિત્ત પામીને આપણને જાગે છે.

**આપણે જો ધારીએ, થોડી મક્કમતા કરીએ, તો આપણામાં પણ તે તે પ્રકારના સદ્‌ગુણો અવશ્ય પ્રગટે છે.**

**શ્રીમહાવીરસ્વામી ભગવાન કહે છે કે** ''જે એક વાર ગુણપ્રાપ્તિ માટેનો નિશ્ચય-મનની દૃઢતા કરે છે તે પછી ગુણ માટે સતત પ્રયત્નશીલ બને છે અને અંતે જરૂર સદ્‌ગુણની તેને પ્રાપ્તિ અને સ્થિરતા થાય છે.''

આ મહાન માનવજન્મ આપણને ગુણવાન બનવા માટે મળ્યો છે. ફિલોસોફર સોક્રેટીસ પ્રભુનું શાસન ન મળવા છતાં કહે છે, **''માનવ, ધનથી નહીં પણ ગુણોથી મહાન છે.''**

જો માણસમાં ગુણ નથી....શીલ, સદાચાર, ન્યાય, નીતિ રૂપ **ધર્મ નથી તો પછી તે માણસના ખોળીયે પશુ સમાન છે.**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંસ્કૃતના એક સુભાષિતમાં કહ્યું છે કે–

**येषां न विद्या न तपो न दानं, ज्ञानं न शीलं न गुणो न धर्मः ।**
**ते मर्त्यलोके भुवि भारभूता, मानुष्यरूपेण मृगाश्चरन्ति ॥**

**અર્થ :-** જેનામાં વિદ્યા, તપ, દાન, જ્ઞાન, શીલ આદિ ગુણો રૂપ ધર્મ નથી તે માનવો આ પૃથ્વી પર ભાર રૂપ છે. તે માત્ર નામના જ માનવી છે. તેઓ તો માનવના રૂપમાં પશુ જ છે.

૧૪ પૂર્વધર, પૂજ્યશ્રી **ધર્મદાસ ગણી** મહારાજ ઉપદેશમાલા શાસ્ત્રમાં કહે છે કે–

**जो नवि दिणे दिणे संकलेइ, के अज्ज अज्जया मि गुणा ।**
**अगुणेसु अ न हु खलिओ, कह सो उ करिज्ज अप्पहियं ॥**
**–गाथा ४८०**

**અર્થ :- આરાધકે રોજ વિચારવું જોઈએ કે આજે મેં કયા સદ્‌ગુણોને મેળવ્યા અને કયા દુર્ગુણોને ઘટાડ્યા ? જે ગુણ-પ્રાપ્તિ અને દોષહ્રાસ માટેની ચિંતા કરતા નથી તેઓ પોતાના આત્માનું હિત સાધી શકતા નથી.**

આપણામાં દોષો અને દુર્ગુણો અનાદિ કાળના ભરેલા છે અને સદ્‌ગુણો આપણે નવા નવા પ્રાપ્ત કરવાના છે. એટલે **સદ્‌ગુણો પ્રાપ્ત કરવા અને પ્રાપ્ત કરેલા સદ્‌ગુણોને ટકાવવા-વધારવા સતત પ્રયત્નની જરૂર છે.** અને તે માટે દુર્ગુણો, દુર્ગુણો વધારનાર કુમિત્રો, ખોટા નિમિત્તો, કુસંગતિ, અશુભ પ્રવૃત્તિ અને પાપ-વિચારોથી માઈલો દૂર રહેવાનું છે. આમ કરીએ તો જ સદ્‌ગુણો આવે અને ટકે.

આ અને **આવા પ્રકારના પુસ્તકો બહુ વંચાય, તેનો ખૂબ ફેલાવો થાય** અને આપણે સૌ **સદ્‌ગુણોની પ્રાપ્તિ દ્વારા માનવજન્મને સફળ બનાવીએ** એ જ અભ્યર્થના સાથે

પ.પૂ.સ્વ.આ.ભ. શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ના
શિષ્ય ગણી ભુવનસુંદરવિજય



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## [૧] નવપદ ઓળીથી કોઢનો નાશ

**પટણામાં ભંવરલાલજી**ની કરિયાણાની દુકાન છે. લગભગ **૧૫ વર્ષ પહેલાં** તેમને **કોઢ થયો** હતો. વધતાં વધતાં આખા શરીરે પ્રસરી ગયો. સારા વૈદ્ય-ડૉક્ટરોની દવા કરી. પણ મટતો ન હતો. તેથી આખા ભારતના અને પરદેશના પ્રસિદ્ધ વૈદ્ય-**ડૉક્ટરોને દેખાડ્યું,** પણ **ન જ મટ્યો.** નવપદની ઓળીઓ કરી. ન મટ્યો. તેમને વિચાર આવ્યો, **'શ્રી નવપદજીની ઓળીની આરાધનાથી શ્રીપાળનો કોઢ નાશ પામ્યો, તો મારો પણ જરૂર નાશ પામશે. અત્યારે કલિયુગ છે તો આરાધના વિધિપૂર્વક અને વધારે ભાવોલ્લાસથી કરીશ.'** -આવા શુભ પરિણામ લાવી ઓળીના નવે દિવસ શ્રી સિદ્ધચક્રની ખૂબ વધતાં ભાવે ભંવરલાલજીએ આરાધના કરી.

**નવે દિવસ પૌષધ કર્યા. નવે આયંબિલ તે તે વર્ણના અને એક ધાનના કર્યાં.** અને માત્ર એક જ દાણો વાપર્યો. બધા આયંબિલ ઠામ ચોવિહાર અને દેવવંદન વગેરે બધી વિધિ ખૂબ ભાવથી શ્રદ્ધાપૂર્વક કરી અને આશ્ચર્ય એ થયું કે આવો હઠીલો **કોઢ સંપૂર્ણ મટી ગયો !** તેમના ઘરે આજે પણ તેમણે ૨ ફોટા રાખ્યા છે. કોઢવાળો ફોટો અને કોઢ મટ્યા પછીનો ફોટો. તેમને ભગવાન પર **શ્રદ્ધા એટલી બધી વધી ગઈ કે** પોતાના **ઘરમાં ભગવાનને પધરાવ્યા!** હૈયામાં તો હતા જ. નવપદની ઓળી અને આયંબિલનો અપરંપાર મહિમા જ્ઞાનીઓએ તેમના સ્વમુખે ઠેર ઠેર વર્ણવ્યો છે. આજના પાપબહુલ કાળમાં બનતા આવા ધર્મની અચિંત્ય શક્તિના અદ્ભૂત પ્રસંગો જાણી આપણે આપણી ધર્મશ્રદ્ધાને ખૂબ દૃઢ કરવી જોઈએ. અને **મહા-માંગલિક આયંબિલ આદિ આરાધના**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**યથાશક્તિ ખૂબ ભાવ અને ઉલ્લાસથી શ્રદ્ધાપૂર્વક કરવી જોઈએ.** હે ધાર્મિકો ! તમે સુંદર સાધનાથી અનંતા કર્મોનો નાશ કરી ખૂબ આત્મહિત સાધો એ જ અંતરની અભિલાષા.

## [૨] શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીએ બચાવ્યો

નાનો ત્રણ **વર્ષનો લાડકો દીકરો. માંદો પડ્યો.** માબાપની ચિંતા વધી. દવા-સારવાર કરી, પણ માંદગી દિવસે દિવસે વધતી ગઈ અને છેવટે બાળક બેભાન અવસ્થામાં **(કોમામાં) ચાલ્યો ગયો.**

મધ્યપ્રદેશમાં રહેતા મા-બાપે છેક મુંબઈના મોટા મોટા ડૉક્ટરોને બતાવ્યું. પરિણામ શૂન્ય. દિવસે દિવસે પરિસ્થિતિ બગડતી ગઈ. બેભાન અવસ્થામાં **૨૦ દિવસ પસાર થઈ ગયા.** કોઈ ઉપાય સૂઝતો ન હતો.

છેવટે શ્રી **શંખેશ્વરજી તીર્થમાં જઈ દાદાને ખોળે બાળકને મૂકી હૃદયપૂર્વક પૂર્ણ શ્રદ્ધાથી પ્રાર્થના કરી,** "પ્રભુ! તારે શરણે આવ્યા છીએ. તુ દીનદયાળ, કરુણાનિધાન છે. તારી અચિંત્ય કૃપાથી બધું જ સારું થશે."

મનમાં શ્રદ્ધા હતી, શબ્દોમાં આજીજી હતી, વંદનમાં ભક્તિભાવ હતો. ગદ્‌ગદ્‌ દિલથી કરેલી પ્રાર્થના અવશ્ય ફળે જ છે. કૃપાસિંધુ પાસે ખોળો પાથરીને બેઠા હતા. અને....અને....

ત્રણ કલાક પછી **બાળકે આંખ ઉઘાડી !** તે ભાનમાં આવતો ગયો. માત-પિતા તથા સ્વજનોના આનંદનો પાર નહોતો. બાળક **ઊગરી ગયો.**

આજે તો **એ ૨૨ વર્ષનો યુવાન** બની ગયો છે. બાળપણનો આ બનાવ માતા-પિતા પાસેથી એણે જાણ્યો છે ત્યારથી એ **વારંવાર**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**શ્રી શંખેશ્વરજીની યાત્રા ભાવભક્તિથી કર્યા કરે છે.**

**આવો છે એ તીર્થાધિરાજ શ્રી શંખેશ્વરજી પાર્શ્વનાથ પ્રભુનો પ્રભાવ !** આપણે સૌ પણ એને શ્રદ્ધાથી વંદીએ, વિધિપૂર્વક યાત્રા કરીએ અને કર્મોમાંથી મુક્ત થઇ શાશ્વત સુખ તરફ પ્રયાણ કરીએ.....

## [૩] દાદાએ દીધો દીકરો

રાજેન્દ્રભાઇ લોઢા સ્થાનકવાસી સંપ્રદાયના હતા. સ્થાનકવાસી સંઘના અગ્રગણ્ય આગેવાન અને ધનિક પિતાના પુત્ર હતા.

**રાજેન્દ્રભાઇનાં લગ્ન શ્રી મણિલાલ કોઠારીની પુત્રી સાથે થયાં.** પત્ની શ્વેતાંબર મૂર્તિપૂજક કુટુંબની સુસંસ્કારી અને શ્રદ્ધાળુ હતી. દામ્પત્યજીવન સુખી હતું. વર્ષો વીતતાં ગયાં. પણ **શેર માટીની ખોટ** હતી. કુટુંબ એક બાળક ઝંખતું હતું. પણ ઇચ્છા ફળતી ન હતી.

શ્વસુર પક્ષ તરફથી શ્રી શંખેશ્વરજી પાર્શ્વનાથની યાત્રા માટે વારંવાર પ્રેરણા થતી પણ રાજેન્દ્રભાઇને શ્રદ્ધા ન હતી. એ સંમત થતા ન હતા.

અંતે વારંવાર આગ્રહને વશ થઇને **રાજેન્દ્રભાઇ સપરિવાર શ્રી શંખેશ્વર તીર્થની યાત્રાએ ગયા.** પત્નીની પતિને પ્રેરણા હતી કે સાચા દિલથી અને સંપૂર્ણ શ્રદ્ધા સાથે પ્રાર્થના કરવી.

રાજેન્દ્રભાઇએ પ્રાર્થના કરી પણ મનમાં ભાવ કંઇક અવિશ્વાસ અને અશ્રદ્ધાનો હતો. તેથી **પ્રભુને ઉદ્દેશીને બોલ્યા, "દીકરા માટે આવ્યા છીએ. બહુ દુઃખી છીએ. આપશો ને ? પણ જો એ નહીં મળે તો.... તો–ફરી ક્યારેય નહીં આવું."** મનમાં હતું કે બાળક માટે થાય એટલા ઉપાય ડૉક્ટરો પાસે કરાવ્યા છે. હવે ક્યાંથી થવાનું છે? પાર્શ્વનાથ દાદા દ્વારા ઇચ્છિત ફળ નહીં મળે તો સસરા પક્ષ આપોઆપ ચૂપ થઇ જશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અને રાજેન્દ્રભાઈના આશ્ચર્ય વચ્ચે **માત્ર એક વર્ષમાં એમને ઘરે પારણું બંધાયું !** દીકરો જન્મ્યો અને ભગવાન પ્રત્યે દિલમાં દૃઢ શ્રદ્ધા થઈ ગઈ. **અવિશ્વાસ અને અશ્રદ્ધા સાથે બોલાયેલા શબ્દો માટે ખૂબ જ દુઃખ થયું.** રાજેન્દ્રભાઈ હવે **વારંવાર શ્રી શંખેશ્વરજી તીર્થની યાત્રાએ જાય છે.** ભાવથી ભક્તિ કરે છે.

આપણે સૌ એ દેવાધિદેવને બરાબર ઓળખીએ, એમનો પ્રભાવ પૂ. ગુરુદેવ પાસેથી જાણીએ અને **ભવોભવ એ દેવાધિદેવનાં ચરણોની સેવા મળે તે માટે શ્રદ્ધાપૂર્વક ભાવથી ભક્તિ કરીએ. અરિહંતપદ પ્રાપ્તિની અપેક્ષા સહ.....**

## [૪] સિદ્ધગિરિના પ્રભાવે રોગ ગાયબ

મદ્રાસના સુશ્રાવક ધરમચંદજીને **૨૦ વર્ષ પહેલાં ઢીંચણે અને કમરે દર્દ થયું.** ચાલતાં તકલીફ ખૂબ થાય. નીચા નમીને ચાલવું પડે. આટલી ભયંકર તકલીફ છતાં ચાલીને શત્રુંજય ગિરિરાજની યાત્રા કરવાની જોરદાર ઇચ્છા! તેથી **સિદ્ધગિરિની યાત્રા કરવી એવો સંકલ્પ કર્યો.** ૬-૭ મહિને યાત્રા કરવા ગયા. ડૉક્ટરે ઇન્જેક્શન લેવાનું કહ્યું. પણ ના લીધું. ભ. શ્રી આદીશ્વરજી પ્રત્યે પૂરી શ્રદ્ધા. સમર્થ મારા પ્રભુની કૃપાથી ચોક્કસ ચાલીને યાત્રા થશે જ એવો હૈયામાં વિશ્વાસ. **તળેટી પહોંચતા બધું દર્દ અને રોગ મટી ગયાં ! યાત્રા ખૂબ સારી રીતે કરી આવ્યા. યાત્રા પછી તો દર્દ સંપૂર્ણ મટી ગયું ! પછી આજ સુધી તે રોગ થયો નથી !** શુભ સંકલ્પનો કેવો પ્રભાવ ! શ્રી શાશ્વતા તીર્થાધિરાજનો આ અચિંત્ય પ્રભાવ તથા યાત્રાનો અનંત લાભ વિચારી આપણે પણ તીર્થયાત્રા કરીએ એ શુભેચ્છા ! કહ્યું છે કે– જિમ જિમ એ ગિરિ ભેટીએ રે,

તિમ તિમ પાપ પલાય સલુણા.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ ધરમચંદજીએ ક્યારેય દવા લીધી નથી! તાવ વગેરે બિમારી **આવે ત્યારે દવા ન કરે પરંતુ અઠ્ઠમ કરે ! અને રોગ મટી જાય !** ધર્મ પર કેવી જોરદાર શ્રદ્ધા! કહ્યું પણ છે ને કે પુણ્યે પાપ ઠેલાય. ધર્મથી-સત્કાર્યથી પાપ-અશુભ કર્મ નાશ પામે છે.

## [૫] કિશોરે તીર્થયાત્રામાં અઠ્ઠાઈ કરી

૮૮ વર્ષ પૂર્વે **પ્રેમચંદ ૧૬ વર્ષનો કિશોર હતો. પાલિતાણા યાત્રાએ ગયો.** હળુકર્મી જીવનો આવા **શાશ્વત તીર્થાધિરાજની યાત્રાથી ઉલ્લાસ એટલો વધી ગયો કે અઠ્ઠાઈ કરી !** યાત્રા, તપ વગેરેના પ્રભાવે ઘણાં કર્મ ખપી ગયાં. સાધુના દર્શન થતાં આ ભાગ્યશાળીને સંયમના ભાવ થયેલા. પછી તો દીક્ષા મેળવવા ભગીરથ પુરુષાર્થ કર્યો! **૩૬ માઈલ ચાલતા જઈ પ.પૂ. આ.ભ.શ્રી વિજય દાનસૂરીશ્વરજી મ.નાં ચરણોમાં પડી પાલિતાણામાં જ દીક્ષા લીધી!!** પછી તો પોતે દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણે રત્નોની જોરદાર આરાધના કરી. સ્વ અને પરનું ખૂબ ખૂબ કલ્યાણ કર્યું.

જિનશાસનનાં ચરણોમાં ૩૫૦ જેટલા સાધુઓની ભેટ ધરનારા, અનેક શિષ્યો પાસે લાખો શ્લોક પ્રમાણ કર્મગ્રંથને સુગ્રથિત કરાવનારા, **અગણિત ગુણોના નિધિ એવા આ જિનશાસનના ઝગમગતા સિતારાનો** લગભગ ૨૮ વર્ષ પૂર્વે સ્વર્ગવાસ થયો. શ્રી સંઘના ઘણા મોક્ષાર્થીઓએ આ મહાપુરુષને ખૂબ અહોભાવથી દિલમાં બિરાજમાન કર્યા છે. એમનું બ્રહ્મચર્ય એટલું નૈષ્ઠિક હતું કે **"ગુરુદેવ શ્રી પ્રેમસૂરયે નમઃ" ની નવકારવાળી ગણી ઘણાંયે પોતાના ચારિ મોહનીય કર્મનો ભૂકો કરી શીઘ્ર કલ્યાણ સાધ્યું.** મારે તો એટલું ખાસ કહેવું છે કે નાનો એવો કિશોર ભગવાનની ભક્તિમાં એવો મસ્ત બની ગયો



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કે અટ્ટાઈ જેવો ઘોર તપ કર્યો ! હે પુણ્યશાળીઓ ! તમારે પણ **તીર્થયાત્રા એવા શુભ ભાવથી અને વિધિપૂર્વક કરવી જોઇએ કે જેથી તમારું શીઘ્ર કલ્યાણ થાય.**

## [૬] કાયોત્સર્ગથી શીલરક્ષા અને પ્રાણરક્ષા

**વિ. સં. ૨૦૩૭ માં પ.પૂ. પં. શ્રી હેમરત્નવિજયજી મ. અંતરીક્ષજી તીર્થમાં બિરાજમાન** હતા. તીર્થરક્ષા માટે સમગ્ર જૈન સંઘમાં અપૂર્વ જાગૃતિ આવેલી. કોર્ટમાં એક **ધર્મશાળાનો ફેંસલો શ્વે. સંઘની તરફેણમાં આવતાં** તે ધર્મશાળાનું દ્વાર ખોલીને ૩૦ જેટલા **સાધ્વીજી મહારાજને ત્યાં ઉતારવામાં આવેલા.** દિગંબરભાઇઓ આ ધર્મશાળા ખાલી કરાવીને અન્યાયી કબજો લેવા માંગતા હતા. તેથી તેઓએ ૧૫-૨૦ ગુંડા રોકીને **ધર્મશાળાં પર પથ્થરમારો** કરાવ્યો. પૂ. મુનિશ્રી હેમરત્નવિ. મ. ની સાથે તીર્થરક્ષાર્થે રોકાયેલા કેટલાક યુવાનો તરત સ્થળ પર ધસી ગયા. પણ તેઓને લોહીલુહાણ કરી દેવામાં આવ્યા.

**પૂ.મુનીશ્રીને ખબર પડતાં તેઓ સ્થળ પર પહોંચી ગયા અને** ધર્મશાળાનો મુખ્ય દરવાજો રોકીને ઉભા રહી ગયા. ગુંડાઓએ બારશાખ સાથે આખા દરવાજાને તોડી નાખ્યો - અને બધા અંદર ધસી આવ્યાં. પૂ. સાધ્વીજી મહારાજોને આગળના રૂમમાં ટ્રાન્સફર કરીને **પૂ.મુનીશ્રી રૂમના દરવાજે બે હાથ પહોળા કરીને દરવાજો રોકીને ઉભા રહી ગયા.** ગુંડાઓએ પૂ. મુનીશ્રીને હટાવી દેવા લાકડીઓના ઘા વીંઝવાની શરૂઆત કરી. **વરસતી લાકડીઓની ઝડીઓ વચ્ચે** મુનીશ્રી અણનમ ઉભા રહ્યા.

**હવે આ અંતકાળ છે એમ સમજીને તેઓશ્રીએ તરત જ ચારે આહારનો ત્યાગ કરીને** સાગારિક અનશનંનો સ્વીકાર કરીને **નમસ્કાર મહામંત્રનો જાપ ચાલુ કરી દીધો.** જાપ શરૂ થતાં જ એકાએક



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ .સવાન આવી પહોંચી. વ્હીસલ મારીને જાહેર કરવામાં આવ્યું કે '**જો નજરમેં આયેગા શૂટ હો જાયેગા.**' એક જ સેકંડમાં ગુંડાઓ સ્થળ છોડીને ...ની પૂંછડીએ પાછલા દરવાજેથી ભાગી ગયા. મંત્રાધિરાજ અને કાયોત્સર્ગના પ્રભાવે **મુનીશ્રીની પ્રાણરક્ષા અને સાધ્વીજીઓની શીલરક્ષા ચમત્કારીક રીતે થઈ જવા પામી હતી.** અનેક શ્રાવકો આ ઘટનાના સાક્ષી છે. જાપ રોજ કરી, ધર્મ ખૂબ સેવી......એવો આત્મસાત્ કરીએ કે કટોકટીમાં, ભયંકર આપત્તિમાં, પરલોકગમનવેળાએ આ ધર્મ અને જાપ આપણા હોઠે અને હૈયે હોય, હોય ને હોય જ.

## [૭] આરાધનાએ આફતને ભગાડી

**કલકત્તાની વાત છે.** ૨૬ વર્ષ પહેલાં ધસમસતું ભયંકર **વાવાઝોડું દૂર દેશથી કલકત્તા તરફ** આવી રહ્યું હતું. આગાહી જાહેર કરાયેલી કે વાવાઝોડું કલકત્તા પર ત્રાટકવાની સંભાવના ઘણી છે. હજારો લોકો કલકત્તા છોડી ભાગવા માંડ્યા. ત્યારે **પ.પૂ.પંન્યાસ શ્રી ભાનુવિજયજી ગણિવર** (પછી આચાર્યશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.) **કલકત્તામાં બિરાજમાન** હતા. તેમણે સંઘને આ આપત્તિથી બચવા **ભાવથી ધર્મના શરણની અને આરાધનાની વાત કરી. પ્રેરણા કરી કે આખો સંઘ આખી રાત શ્રી નવકાર મંત્ર ગણે. પોતે પણ જાપમાં બેસી ગયા! ધર્મ પ્રભાવે વાવાઝોડું બીજી દિશામાં ચાલ્યું ગયું.** એ એટલું પ્રચંડ હતું કે જ્યાં ગયું તે તરફ પણ લગભગ ૪ હજાર માણસો મરી ગયા. કલકત્તા પર ત્રાટક્યું હોત તો કદાચ લાખોની જાનહાનિ થઈ હોત. કુદરતી આફત વખતે હે શ્રદ્ધાળુઓ, સંપૂર્ણ શ્રદ્ધાથી ધર્મ આરાધના ખૂબ વધારવી. **ભયંકર આપત્તિથી બચાવવાની તાકાત એક માત્ર ધર્મમાં જ છે.**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## [૮] સિદ્ધગિરિના અચિંત્ય પ્રભાવથી ગચ્છાધિપતિની પદવી

ઓહ ! અકથ્ય વેદના !

શું થશે ? મોત ?

ઠીક છે !!! **મરતાં પહેલાં શાશ્વત ગિરિરાજને સ્પર્શી લઉં તો કેવું સારૂં ? આ વિચાર ૧૮ વર્ષના યુવાનને આવે છે** અને એ દોડે છે- **પૌષધ લઈને છટ્ઠ કરીને સાત યાત્રા** કરવા માટે જ તો ! મુશ્કેલીથી યાત્રા કરી. યાત્રાએ યાતનાને વિદાયગિરિ આપી અને ધીરે ધીરે **ટી.બી. નો રોગ નિર્મૂળ થયો ! ૫૦ વર્ષ પહેલાંની આ સત્ય ઘટના છે**. ત્યારે ટી.બી. ની દવા પણ ન હતી. છતાં ભાવ ઔષધે આ કામ કર્યું. **પછી તો એ યુવાને નક્કી કર્યું, "જેણે આપ્યા પ્રાણ તેના ચરણે પ્રાણ."**

**મહાભિનિષ્ક્રમણનો** મનોરથ જાગ્યો. સંકલ્પબળની તાકાતનો પ્રયોગ શરૂ કર્યો. પ.પૂ.આ.શ્રી નીતિસૂરિ મહારાજના સમુદાયના પ.પૂ. **મંગળવિજયજી** મ.સા. કે જેઓ 'ખાખી'ના ઉપનામે પ્રસિદ્ધ છે તેમની પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરી! ને ગુણજ્ઞવિજયજી નામે સાધુ બન્યા.

અનંતાનંત સિદ્ધોની સાધકભૂમિ તથા અનંતા તિર્થંકરોની સમવસરણભૂમિ એવા સિદ્ધાચલે ચમત્કારનો વિક્રમ સર્જ્યો. તદન રોગમુક્ત સાધુ રાગમુક્ત બનવાની સાધના કરે છે. અનન્ય ગુરુ-સમર્પણ, દેવાધિદેવની અપ્રતિમ ભક્તિ, કઠોર સંયમની પાલના વગેરેના પ્રતાપે મુનિરાજશ્રી ગુણજ્ઞવિજયજી મ.સા. પ.પૂ.આ.શ્રી અરિહંતસિદ્ધસૂરીશ્વરજી બન્યા. આજે તો તેઓ ગચ્છાધિપતિ પદ પામ્યા છે. **પૂજ્યશ્રીએ છટ્ઠ કરીને સાત યાત્રાને એક ગણીએ તેવી ૭ યાત્રા ૨૫૫ કરી છે !** તેમના ટૂંક પરિચયમાં આવનારને તેમની



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અપૂર્વ બ્રહ્મચર્યની શક્તિનો પરિચય મળશે. વચનસિદ્ધ પૂ.શ્રીએ અનેક સંઘોમાં માર્ગદર્શન આપી કલ્યાણકારી કાર્યો કરાવ્યાં છે.

એક વખત **પાલીતાણામાં** તખતગઢની ધર્મશાળાના મંદિરમાં **પ્રતિષ્ઠા પ્રસંગે** અનેક ભાવિકો આવેલા. તેમાંથી બેંગ્લોર અને રાજસ્થાનના બે શ્રાવકોની મોટરને અકસ્માત થયો. એક **૧૬ વર્ષના કિશોરનું માથું છુંદાઈ ગયું.** આ અમંગળથી સહુ ધ્રુજી ઉઠ્યા. અરે, હવે શું થશે? તરત જ સૌ પૂ. આચાર્ય ભગવંત પાસે દોડી ગયા. ડૉક્ટર પાસે ટાંકા લેવડાવ્યા. **સાહેબજીએ માથે ઓઘો ફેરવી દીધો ને બીજી ક્ષણે કિશોર દોડતો થઈ ગયો.** આવા તો અનેક પ્રસંગો તેમના જીવનમાં થયા છે.

સંઘોની અંદર એકતા કરાવનારા અને શાસ્ત્રચુસ્ત એવા પ.પૂ. આ.ભ. શ્રી અરિહંતસિદ્ધસૂરીશ્વરજી મ.સાને કોટી વંદના. **છટ્ઠ કરી સાત યાત્રા કરવાનું તમને કેટલી વાર** મન થાય ? આ મહાત્માએ કેવો વિશ્વરેકોર્ડ કર્યો કે છટ્ઠથી નવ્વાણું યાત્રા !! અને તેવા છટ્ઠ પણ ૨૫૦ થી વધુ !! **શ્રી આદિનાથ દાદાના મહાન ઉપકારને યાદ કરી** આ મહાત્મા વારંવાર પાલીતાણા પહોંચી યાત્રા કર્યા કરે છે.

**આપણે પ્રાર્થીએ આ મહાપુરુષ અલ્પ કાળમાં અરિહંત બનીને સિદ્ધ બને અને અનેકને બનાવે.** આપણી આંખ સમક્ષ જ બનેલા આ પ્રસંગને જાણી આપણે **આપણા આત્માને જગાડવો જોઈએ.** તમે બધા પણ આવા અનંત કલ્યાણને કરનારા **આ આદિનાથ દાદાની અને પરમ તારક જિનશાસનની ખૂબ જ સેવા** ભાવ અને ઉમંગથી કરો. ધર્મથી અજાણ્યો યુવાન પણ આવી સાહસિક સાધના કરી શકે છે એ સત્યનું ઊંડું મનોમંથન કરીને તમે પણ શ્રદ્ધા અને વિશ્વાસ પેદા કરી હિંમતથી **યથાશક્તિ આદર્શ શ્રાવકપણું પાળવાનો** દૃઢ નિશ્ચય કરો એ શુભાભિલાષા.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## [૯] નવકારનો પ્રભાવ

**શ્રી સમેતશિખરજીની યાત્રા સારી રીતે કરીને અમદાવાદના** સુશ્રાવકો હસમુખભાઇ અને ભૂરમલજી પરિવાર સાથે પાછા અમદાવાદ આવી રહ્યાં હતાં. તેઓ મેટાડોરમાં મુસાફરી કરી રહ્યાં હતાં. બારઇથી થોડા કિ.મી. પહોંચ્યા ને સામેથી એક **બસ ધસમસતી આવતી દેખાઈ.** રસ્તો સાંકડો હતો, આજુબાજુ ખાડાખૈયા ઘણાં હતાં. હસમુખભાઇને **મોત સામે આવતું દેખાયું.** ક્ષણનો પણ વિલંબ ન કરતાં **શ્રી નવકારનું સ્મરણ શરૂ કર્યું.** થોડી જ વારમાં એક મોટો ધડાકો થયો. **મેટાડોર અને બસ જોરથી અથડાયા. બંનેનાં ધર્મપત્ની બહાર ફેંકાઇ ગયાં.** મેટાડોરની એક સાઇડ ચિરાઇ ગઇ. અકસ્માત નાના ઢાળ ઉપર થયો હતો. **ઊંચાણ ગાડી પાછી પડવા લાગી.** નીચે પડેલાં **બંનેનાં ધર્મ-પત્ની, ગાડીના પૈડા નીચે ચગદાઇ જવાની અણી પર હતાં.** પરંતુ આશ્ચર્ય ! **અચાનક ગાડી ઊભી રહી ગઈ!** શું થયું? બહાર જોયું તો **લોખંડની એક બેગ ગાડીના વ્હીલ આડે આવી હતી.** આખી ગાડીમાં આ એક જ **બેગ લોખંડની** હતી. બીજી બધી પ્લાસ્ટીકની હતી. બંને ગાડી અથડાતા બેગ ઊછળીને બહાર પડી હતી, જે બરોબર **વ્હીલના રસ્તામાં આવી ગઈ.** કહો કે બેગ બંનેના ધર્મપત્નીનાં મોત અને ગાડીની વચ્ચે આવી ગઇ. **નવકારે બંનેને બચાવી લીધાં !**

**બાર વર્ષ પહેલાંના આ પ્રસંગથી** તમે સમજદાર જીવો આ હળહળતા કલિકાળમાં **ધર્મની મહાનતાને જરૂર ઓળખો.** નવકારનું શરણું લેનારની હંમેશા રક્ષા થાય છે. સર્વ સુખશાંતિને આપનાર નવકાર મહામંત્રને આપણે સારી રીતે આરાધી આત્મહિત સાધીએ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**હસમુખભાઈની વિશિષ્ટ પ્રકારની આરાધના જાણવા જેવી છે. ચોવિહારના સમય** પછી ઘર આંગણે ગમે તેવા મહેમાન-સંબંધી આવે તો પણ જમાડે નહીં ! **તેને મન, મહેમાન કરતાં ભગવાનની આજ્ઞાનો પ્રેમ વિશેષ છે.** આજના વિલાસી વાતાવરણમાં, ચારે બાજુ લોભનું સામ્રાજ્ય ફેલાઈ ગયું છે, જ્યારે હસમુખભાઈએ **પરિગ્રહ પરિમાણ વ્રત ૩૦ વર્ષ પહેલાં લીધું છે.**

એકવાર તેઓની વીંટી ગટરમાં પડી ગઈ. તેઓ વિચારે ચઢ્યા. નાશવંત જગતનો ખ્યાલ આવ્યો. આ બધું છેવટે અહીં જ રહેવાનું છે– નાશવંત છે. **સંકલ્પ કર્યો કે આવકના ૧૦% ધર્મમાં વાપરવા.** પછી તો ત્યાગનો ભાવ વધતો ગયો. **૨૫% ધર્મમાં વાપરવા માડ્યાં.** તે પછી **બે લાખથી** વધુ મૂડી ન રાખવાનો **નિયમ લીધો.** કેવા સંતોષી આત્મા

**ચાલો ! આપણે પણ ત્યાગાદિના આવા વ્રતો લઈ માનવજન્મને સંતોષને સાધવાપૂર્વક સફળ બનાવીએ.**

## [૧૦] સાચી શ્રદ્ધાનું સુંદર ફળ

**પ્રેમજીભાઈ** એમનું નામ. આર્થિક સ્થિતિ બહુ સારી નહીં. જીવનવ્યવહાર નભે તેટલી જ આવક. યાત્રાએ જવાની શક્યતા નહીં.

શ્રી પ્રેમજીભાઈના ૮૦ વર્ષના **વૃદ્ધ માતુશ્રીને** જીવનમાં એકવાર શ્રી **શત્રુંજય તીર્થની યાત્રા કરવાની ખૂબ જ ભાવના.** ઘણાં વર્ષથી ભાવના ભાવ્યા કરે. ક્યારેક તો ફળશે જ એવી શ્રદ્ધા. પ્રેમજીભાઈ પણ માને યાત્રા કરાવવા ખૂબજ આતુર. અંતરની **ભાવના ફળી.** નાણાકીય થોડી સગવડ થતાં પ્રેમજીભાઈ મા અને બહેનને લઈ **પાલિતાણા** ગયા. નરશી નાથાની ધર્મશાળામાં ઊતર્યા. અચાનક પ્રેમજીભાઈનો પગ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દોરીમાં ભરાઈ ગયો, અને તે **પડ્યા**, વાગ્યું અને **પગ સૂઝીને થાંભલા જેવો થઈ ગયો.** ડૉક્ટરને બતાવ્યું. સલાહ મળી કે ૧૫-૨૦ દિવસ પૂર્ણ આરામ કરવો પડશે. ત્યાં સુધી ચાલવાથી વધારે નુકશાન થશે.

પ્રેમજીભાઈએ માતાને અને બહેનને યાત્રા કરી આવવા સમજાવવા પ્રયત્ન કર્યો. પણ **દીકરાને મૂકીને મા કેવી રીતે યાત્રા કરવા જાય ?** મા એ મક્કમતાથી કહ્યું, ‘‘જાત્રા કરશું તો ત્રણે સાથે કરશું, નહીં તો અહીં સુધી આવ્યાનો સંતોષ માનીશ. તને મૂકીને હું કેવી રીતે જાત્રા કરું ?’’

રાત્રે સૂતાં સૂતાં પ્રેમજીભાઈ વિચારતા હતા, ‘‘જીવનમાં **પહેલી જ જાત્રા થવાની હતી તે પણ મા નહીં કરી શકે ?** કેવું નસીબ ? તળાવે આવ્યા ને તરસ્યા જવું પડશે.’’ મનમાં ખૂબ જ દુઃખ થયું. **કપર્દી યક્ષને યાદ કરી ગદ્‌ગદ્ ભાવે પ્રાર્થના કરી,** ‘‘મારી મા ને આ પહેલી અને છેલ્લી યાત્રા છે. હે સમર્થ દેવ ! એની ઈચ્છા પૂર્ણ કર.’’ બધા શાસનદેવોને પણ પ્રાર્થના કરી અને **નવકારમંત્રનું સ્મરણ કરતાં કરતાં ઊંઘી ગયા.**

આશ્ચર્ય સર્જાયું ! **સવારે પગનું દર્દ ગાયબ.** ચાલી શકાતું હતું. અને **યાત્રા કરવા ગયા.** સરળતાથી ચઢી શકાયું. રસ્તે ચાલતાં એક પૂ. બાલમુનિ મલ્યા. તેમને વિનંતી કરી, ‘‘અમે અજાણ્યા છીએ. બધે દર્શન કરવા છે’’ અને પૂ. બાલમુનિએ સાથે ફરીને, બધું સમજાવીને વિધિપૂર્વક સુંદર યાત્રા કરાવી.

યાત્રા પૂર્ણ કરીને ધર્મશાળાએ આવ્યા ત્યારે પગે સોજો ચઢી ગયો હતો. ફરી હતું એમને એમ. પણ **માને યાત્રા કરાવ્યાનો આનંદ અનહદ હતો.** મુંબઈ પાછા આવ્યા. અને ધીમે ધીમે પગનું દર્દ મટી ગયું. આજે ય ક્યારેક પ્રેમજીભાઈ એ પ્રસંગ યાદ કરી દૈવી પ્રભાવને યાદ કરી મનોમન એને વંદી રહે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ધર્મપ્રેમીઓ ! **આ છે ધર્મની શ્રદ્ધાનો પ્રભાવ !** નાનામોટા **હતાશાના પ્રસંગે નિરાશ ન બનતાં હૃદયપૂર્વક દેવોને પ્રાર્થના કરો, મહાન નવકારમંત્રનું સ્મરણ કરો** તો તમને જરૂર આવા કળિયુગમાં પણ એનો પરચો અનુભવવા મળશે. સાચી શ્રદ્ધા ક્યારેય કોઈની પણ એળે જતી નથી. **તમે પણ આ શાશ્વત તીર્થની આશાતના રહિત ભાવસહિત યાત્રા કરો.**

## [૧૧] મહામંત્રે ટ્રેન રોકી

**ઈર્લાના નેમચંદભાઈ વગેરે** શ્રી સમેતશિખરજી તીર્થરક્ષા માટે સ્પે. ટ્રેનમાં નીકળ્યા. **૨ વર્ષ પહેલાંની આ વાત છે.** રસ્તામાં એક સ્ટેશને દૂરથી **દૂધ લઈ પાછા આવતા હતાં** અને તેમની ટ્રેન ચાલુ થઈ. એ જોઈને થોડે દૂર રહેલ પૂલ પરથી પાછા આવતા નેમચંદભાઈએ નવકાર ગણતાં દોટ મૂકી. તે પહોંચે તેટલી વારમાં તો ટ્રેન નીકળી જાય તેમ હતું. મધ્યપ્રદેશમાં અજાણ્યા સ્ટેશન પર એ શું કરે ? સાથીદારો ટ્રેનમાં ને પોતે ૨ જણ પૂલ ઉપર. ટ્રેનમાં બેઠેલ દેવચંદભાઈ વગેરે પણ, નેમચંદભાઈ ટ્રેનમાં ભેગા થઈ જાય માટે **નવકાર ગણવા માંડ્યા. અને ચમત્કાર થયો. ટ્રેન જરાક ચાલીને ઊભી રહી ગઈ !** નેમચંદભાઈ પહોંચીને બેઠા. બધાંને નિરાંત થઈ. અનાદિકાલિન મહામંત્રનો અદ્‌ભૂત પ્રભાવ છે.

## [૧૨] પૂર્વ-પુણ્યે પ્રવ્રજ્યા સુધી પહોંચાડ્યો

**પાંચ વર્ષનો અશોક** ગુજરાતનો હતો. જાતનો પટેલ. કાકા કાલે પાલીતાણા યાત્રાએ જવાના છે એ વાત ઘરમાં સાંભળી અશોકે કહ્યું, **"મારે પાલીતાણા આવવું છે."** નાનો હોવાથી ઘરના લોકોએ ના



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાડતાં એણે જીદ કરી. રાત્રે સૂઇ ગયો. પાંચ વર્ષનો થાકી જાય, એમ વિચારી કાકા બીજે દિવસે એને ન લઇ ગયા. અશોક ઉઠ્યો ત્યારે કાકા જતાં રહેલા. જાણીને એ રડવા માંડ્યો. પણ હવે તો ઉપાય ન હતો. વર્ષો વીતતાં ગયાં. પછી તો પાલીતાણા જવાનું બન્યું જ નહીં. મેટ્રીક ભણી **વડોદરા એલેમ્બીકમાં નોકરીએ લાગી ગયો. પાલીતાણા યાત્રા કરવાની અંતઃસ્ફુરણા તેને ૪-૫ વાર થઇ.** એક વાર ઊંઘમા તેને અવાજ સંભળાયો, **"ઊઠ ! પાલીતાણા ચલ !"** સ્વપ્નમાં આવું વારંવાર થતાં ઊઠી ગયો. કોઇ દૈવી સંકેત લાગતાં **પાલીતાણા યાત્રા કરવાનો દૃઢ નિશ્ચય કર્યો.** થેપલાનું ભાતું લઇ પરોઢિયે નીકળ્યો. **પાલીતાણા કદી ગયો નથી.** તેથી કોઇને વડોદરા સ્ટેશને પૂછતાં જાણ્યું કે પહેલાં અમદાવાદ જવું પડે. ત્યાંથી પાલીતાણાની ટ્રેન મળે. અમદાવાદ થઇ પાલીતાણા પહોંચી સીધો યાત્રા કરવા ગયો. ઉપર પહોંચી સારી રીતે **યાત્રા કરી. ખૂબ ભક્તિ કરી.** યાત્રા કરી નીચે ઊતરી કોઇ ધર્મશાળામાં રાત્રે સૂઇ ગયો. સવારે બેગ ધર્મશાળામાં રાખી યાત્રા કરવા ગયો. દર્શન કર્યા પછી **સૂરજકુંડ** પાસે બધાને જતાં જોઇ તે પણ ગયો. ત્યાં હાથ પગ ધોયા. દાદાના દર્શનના ભાવ ફરી જાગ્યા. દર્શન કર્યા. પછી બહાર નીકળ્યો. મનમાં **સ્ફૂરણા થઇ કે ગામના મહારાજ સાહેબના દર્શન કરવા.** જે સાધુ મળે તેને પૂછે કે મારા મહારાજ ક્યાં છે ? **ઘણાંને પૂછ્યું પણ મહારાજ સાહેબનું નામ, સમુદાય વગેરે તેને ખબર ન હોવાથી કોઇ કશું બતાવી શક્યું નહીં.** છતાં કંટાળ્યો નહીં. છેવટે એક મહારાજે કહ્યું, "અમદાવાદ જઇ **પગથિયાના ઉપાશ્રયે** તપાસ કરો. કદાચ તમને મળશે." અમદાવાદ આવ્યો. સીધો પહોંચ્યો (પગથિયાના) ઉપાશ્રયે. ત્યાં મુનિશ્રી અભયશેખરવિ. મ. વગેરે હતાં. પૂછતાં તેમણે કહ્યું કે પ્રાયઃ ભગવાનનગરના ટેકરે છે. ટેકરે પહોંચ્યો. **આ યુવાન કદી સાધુને મળ્યો**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**નથી. છતાં અંતઃ સ્ફુરણાને કારણે કેટલો ભગીરથ પુરુષાર્થ કર્યો?** પૂછતાં પૂછતાં પહેલીવાર **પાલીતાણા પહોંચ્યો.** પછી પણ દૈવી પ્રેરણાથી સાધુ મહાત્માને મળવાનો સંકલ્પ કર્યો. ઘણાંને પૂછવા છતાં સમાચાર મળતા નથી. અમદાવાદ તપાસ કરવાથી કદાચ જાણવા મળશે એવી એક નાની આશાથી એ છેક **અમદાવાદ આવ્યો. અજાણ્યા ઉપાશ્રયોમાં તપાસ કરવાની. વળી પાછું અજાણ્યા સ્થળે પૂછતાં પૂછતાં જવાનું. છતાં બધું કર્યું ! અને પુણ્યે મહારાજ સાહેબ મળી ગયા.** સાચી ઇચ્છા અને સંકલ્પ કેવા મુશ્કેલ કાર્યોમાં પણ અકલ્પ્ય સફળતા અપાવે છે ?

પોતાના ગામના **મહારાજ સાહેબને** હર્ષોલ્લાસપૂર્વક **વંદન કર્યું.** ૨ દિવસ રોકાયો. તેમના ગુરુજીએ **ભણવાની પ્રેરણા કરી. પૂર્વ ભવનો સાધક જીવ હશે તેથી વાત સ્વીકારી લીધી ! ભણતાં ભાવ વધ્યા.** એલેમ્બીક કંપનીમાં (વડોદરા) રાજીનામું આપી દીધું. વધુ પરિચય અને વધુ આરાધના કરતાં **દીક્ષાનો નિર્ણય કર્યો. ૨૪ વર્ષની ભરયુવાનવયે દીક્ષા ભાવથી લીધી !** અને ૧૭ વર્ષથી આજે પણ સુંદર સંયમ પાળે છે ! **અંતઃસ્ફુરણાએ આ ધર્મરહિત યુવાનને આરાધનાના શિખરે પહોંચાડી દીધો !** કેવો ઊંચો આત્મા ! હે ધર્મપ્રેમીઓ ! તમને ખરેખર ધર્મ તારક લાગે છે ? તો આ જન્મમાં આટલું કરવાનો સંકલ્પ કરો કે મારી મનોવૃત્તિ મારે વિશુદ્ધ બનાવવી છે. યથાશક્તિ આરાધના અવશ્ય કરવી છે. આવા સમ્યક્ પુરુષાર્થથી યોગ્યતા પ્રગટશે કે જે **યોગ્યતા પરભવમાં પણ તમારો આત્મા જ્યાં હશે ત્યાં પણ ધર્મ પ્રાપ્ત કરાવી તમને આગળ ને આગળ વધારશે.**

## [૧૩] પ્રભુપૂજાથી પ્રવ્રજ્યાની પ્રાપ્તિ

મુંબઈવાળો જશવંત જૈન કુળ છતાં જૈન આચારોથી રહિત હતો. ૧૨ વર્ષ પહેલાં તેને **ભરયુવાનીમાં મોઢે સફેદ ડાઘ નીકળ્યો.** ધીરે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ધીરે માથે, મોઢે ઘણી જગ્યાએ ફેલાતો ગયો. **ભગવાનની પૂજાના પ્રભાવે સ્નાત્રજળથી આ રોગ ઘટ્યો અને આયંબિલથી લગભગ મટી ગયો.** પ. પૂ. પંન્યાસશ્રી ચંદ્રશેખરવિજય ગણિવર મ.ના વ્યાખ્યાનમાં ગયેલો. પૂજ્યશ્રીએ કહ્યું કે **"મહાકલ્યાણકારી પૂજાના પ્રભાવે મને દીક્ષા મળે"** એવી પ્રાર્થના કરી તમે એક માસ પૂજા કરો. દીક્ષાનો મારે નિયમ નથી આપવો. પણ આ નિયમ સહેલો છે. લેવામાં શો વાંધો ? ત્યારે દીક્ષા લેવાનો કોઈ ભાવ નહીં, છતાં જશવંતને વાત ગમી ગઈ. સંકલ્પ મુજબ ૧ માસ ભાવથી ઉત્તમ દ્રવ્યોથી પૂજા કરી. પૂજા પછી પ્રભુને રોજ પ્રાર્થના કરતો **"હે નાથ! લગ્નથી બચાવ."** સગાઈ માટે એક કન્યાને જોવા જવાનું હતું. તેની સાથે જશવંતના લગ્ન કરવાનું વડિલોએ લગભગ નિશ્ચિત કરેલું. પણ પૂજાએ અને પ્રાર્થનાએ ચમત્કાર સર્જ્યો ! જોવા જવાના આગલા દિવસે મહેસાણાથી ભાઈએ બોલાવ્યો. કન્યાને મળવાના સમયે જશવંત મહેસાણા હતો. પછી કામ પતાવી પાછો આવ્યો. કન્યાને પછી મળવાનું ટાળ્યું. પછી તો **ધર્મભાવ વધતો ગયો.** દીક્ષાનો ભાવ થયો અને સાધુપણું મળ્યું. આજે એ સુંદર સંયમ સાધી રહ્યો છે. તમે પણ શુભ ભાવથી પરમ શ્રેયસ્કર પૂજા અવશ્ય કરો. પૂજા પછી આત્મહિતકર સુંદર ભાવના અને પ્રાર્થના કરો. બીજું, કોઈ પાપના પ્રસંગ આવી જાય ત્યારે પૂજા કરી સાચા દિલથી પ્રભુને પ્રાર્થના કરો "હે દેવાધિદેવ! તારો મહિમા અપરંપાર છે. **આ ભયંકર પાપથી બચાવ."** ભયંકર રોગ, સંકટો વગેરે ભયંકર દુઃખોમાં પાપનો માર્ગ ન લેતાં આવા આત્મહિતકર પૂજા વગેરે શ્રેષ્ઠ ધર્મનું જ શરણું લો. તમને પણ ચમત્કારનો પ્રાયઃ જાત-અનુભવ થશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## [૧૪] તપે ડાયાબિટીસને ભગાડ્યો

મહેસાણાના એવંતીભાઈના ધર્મપત્નીને **ડાયાબિટીસને કારણે** ૫ વર્ષ પૂર્વે **આંખમાં હેમરેજ થયું.** હેમરેજવાળી નસને તપાસી નવસારીની પ્રખ્યાત આંખની હોસ્પિટલે ઉપચાર કર્યો. આંખે સારું થઇ ગયું. પણ ડાયાબિટીસ વધવાથી ફરી આંખમાં હેમરેજ થયું. **તેથી ડૉક્ટરોએ તપ કરવાની મનાઈ કરી.** છતાં તેમણે બે વર્ષ પહેલાં **શ્રેણી તપમાં** ૮૪ ઉપવાસ કર્યા ! પછી **વર્ષીતપ શરૂ કર્યો.** (આ ત્રીજો વર્ષીતપ હતો.) પછી **ચેક કરાવતા લોહી કે પેશાબમાં ડાયાબિટીસ નહોતો !** ધાર્મિક આરાધના ને ઘરનાં કામ પણ સારી રીતે કરે છે. આમ તપથી ડાયાબિટીસનો નાશ થઇ ગયો !

## [૧૫] ચોવિહારના ધર્મે મોતથી બચાવ્યા

આ સત્ય પ્રસંગ ચાર વર્ષ પહેલાંનો તાજો જ છે. અમદાવાદના અશ્વિનભાઈ આદિ પંદર જણા **મેટાડોરમાં વડોદરા ફરવા ગયા.**

ચોવિહાર રોજ કરતા હોવાથી **અશ્વિનભાઈએ સૂર્યાસ્ત પહેલાં નાસ્તો કરી લીધો.** બીજા હોટલમાં રાત્રે જમ્યા. પછી ૧૧॥ વાગે અમદાવાદ આવવા બધાં નીકળ્યા. કનેરા પાસે લગભગ ૧૨ વાગે ટેન્કર સાથે **ભયંકર અકસ્માત થયો.** ૪ વાહનોને અકસ્માત થયેલો. ઘણાં તો મેટાડોરમાં ઊંઘતા હતા. **અશ્વિનભાઈને પણ ઊંઘમાં જ જડબામાં ખૂબ વાગ્યું.** તરત જ બેહોશ થઈ ગયા. **તેમની બે બાજુ બેઠેલા બન્ને મિત્રો અને પાછળનાં બહેન ત્રણે આ અકસ્માતમાં સ્વર્ગવાસ પામ્યા. અશ્વિનભાઈને હોસ્પિટલમાં લઈ ગયા.** જડબામાંથી ઘણું લોહી પેટમાં જતું રહ્યું હતું. ડૉક્ટરોએ તપાસીને હાથ ધોઈ નાખ્યા. છતાં **સંબંધી ડૉ. પી. કે. શાહે કહ્યું કે પ્રયત્ન**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**કરું.** કર્યો. **બચ્યા.** જો કે ૨ માસ માત્ર પ્રવાહી જ લઈ શકાતુ હતુ. પણ અત્યારે મોઢું વગેરે બધું નોર્મલ જ છે.

ડૉક્ટરે કહ્યું કે બધાં સાથે **અશ્વિનભાઈએ ૧૧ વાગે ખાધું હોત તો લોહી પેટમાં જવાથી ફૂડ પોઈઝન થઈ જાત. તો આ કેસ બચત જ નહીં.** પરંતુ અશ્વિનભાઈ નાની ઊંમરથી જ રોજ ચોવિહાર કરતા હોવાથી છ કલાક પહેલાં ખાધું હોવાથી બચી ગયા! આ અશ્વિનભાઈ ઝીંઝુવાડાના છે. **પ.પૂ.આ.ભ.શ્રી વિજય ૐકારસૂરીશ્વરજી મ.સા. તેમના દાદાના મોટાભાઈ થાય.** કુલ ૮ મિત્રો, સાથે ચારના શ્રીમતીજી અને કુલ ૩ બાળકો હતાં. તેમાંથી ૩ ને વધુ વાગેલું. એક બહેન હજી પણ અકસ્માતની તકલીફો વેઠી રહ્યા છે ! આશ્ચર્ય એ છે કે, તદ્દન બાજુમાં બેઠેલા બંને ત્યાં જ પરલોક સિધાવી ગયા અને **વચ્ચે બેઠેલા અશ્વિનભાઈ બચી ગયા !** ધર્મે જ તેમને બચાવ્યા હશેને? આવું જાણી હે ઉત્તમ જીવો, તમે પણ ધર્મ પર પૂર્ણ શ્રદ્ધા રાખી ચોવિહાર વગેરે આરાધના યથાશક્તિ કરીને પ્રચંડ પુણ્ય કમાઈ સુખનો પરવાનો મેળવવાનું ચૂકશો નહીં.

## [૧૬] ધર્મ પ્રભાવે અદશ્ય સહાય મળી !

મદ્રાસની **વિમલાકુમારીની દીક્ષા સાડા આઠ વર્ષની ઉંમરે** વિ. સં. ૨૦૪૩ના વૈશાખ સુદ ૪ ના શુભ દિવસે નક્કી થઈ. તેમના પિતાજી ધરમચંદની સ્થિતિ સામાન્ય. દીક્ષા પૂર્વે રૂ. વીસ હજાર તેમની પાસે હતા. દીક્ષા ઉલ્લાસથી અપાવી. વધેલી રકમ ગણી. પૂરા ૨૦૦૦૦ હતા ! **દીક્ષામાં વપરાયેલી રકમ ધર્મના પ્રભાવે પાછી મળી ગઈ.** આ પુણ્યશાળી સાધ્વીજી આજે પણ દીક્ષા પાળે છે.

**તેમના બેન અનિતાબેનની દીક્ષા ૪૮ના ચૈત્ર વદ ૩ના** હતી. તે પૂર્વે ધરમચંદજી પોતાના દેશ ભીનમાલ ગયા. ધર્મરાગી ધરમચંદજીને



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉલ્લાસ આવી જવાથી **નવકારશીનો ચડાવો લીધો. પોતાની સ્થિતિ સામાન્ય.** આટલા રૂપિયા લાવવા ક્યાંથી ? નવકારશી પૂર્વે દેશમાં જતાં ગાડીમાં ધરમચંદજીએ ભ. **શ્રી આદીશ્વરજી અને શ્રી પાર્શ્વનાથજીને પ્રાર્થના કરી કે આ પ્રસંગ આપ પાર પાડો.** અને એવો ચમત્કાર થયો કે નવકારશીના ૧૦ દિવસ પહેલાં **એક ભાઈ આવીને ધરમચંદજીને ૨ લાખ રૂપિયા આપી ગયા !** પ્રસંગ સારી રીતે પતી ગયો. પછી તો **ધર્મપ્રભાવે ધરમચંદજી પાસે પૈસો ઘણો થઈ ગયો !** પેલા ભાગ્યશાળીને ૨ લાખ આપવા માંડ્યા. પણ તે લેતા નથી. ઘણું કહ્યું પણ તે માન્યા નહીં. હે પુણ્યશાળીઓ! તમને પણ આવો મહાન ધર્મ અનંત પુણ્યે મળ્યો છે. તમારે પણ સાચા દિલથી ધર્મ કરવો જોઈએ જેથી તમારું પણ આલોક અને પરલોકમાં ખૂબ આત્મહિત થાય.

## [૧૭] પ્રભુના સ્મરણે કસ્ટમમાંથી છોડાવ્યા

અમદાવાદના **જિતુભાઈ** થોડા વર્ષ પહેલાં **અમેરીકા** ગયા. સાથે ૧૫૦ જોડ રેડીમેડ કપડાં લઈ ગયેલા. એરપોર્ટ પર કસ્ટમવાળાએ તપાસતાં આ ૧૫૦ જોડની **કસ્ટમ માંગી.** તેમણે કહ્યું, 'હું તો ફરવા આવ્યો છું, વેપાર માટે નહીં. કસ્ટમ **નહીં આપું.**' તેમને **કસ્ટડીમાં ગોંધી દીધા.** તેમને ખૂબ ચિંતા થઈ કે અહીં મને કોણ બચાવશે ? **આપત્તિથી** બચવા **શ્રદ્ધાપૂર્વક ભગવાનનો જાપ કરવા લાગ્યા.** કસ્ટડી પાસે કોઈ ન આવે છતાં **૧૦ મિનિટ પછી એક યુવતી ત્યાં દેખાઈ! વિના બોલાવ્યે જિતુભાઈ પાસે આવીને તેણે પૂછ્યું, "What is the problem ?" જિતુભાઈએ બધી વાત કરી.** તે કહે 'તમે ૫૦ ડોલર કસ્ટમ ભરી દો. છોડાવી દઉં.' જિતુભાઈએ હા પાડી. તે જઈને કસ્ટમવાળાને લઈ આવી. જિતુભાઈએ ૫૦ ડોલર આપી દીધા. **કસ્ટમવાળાએ છોડી દીધા.** પછી પેલી યુવતિ અલોપ થઈ ગઈ! પરદેશમાં જિતુભાઈ કોણ જાણે કેટલો સમય હેરાન થાત. પણ હે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જૈનો! આપણને કેવો મહાન ધર્મ મળી ગયો છે કે **પ્રભુના નામ, જાપ અને પ્રભાવ પરદેશમાં પણ ગમે તેવી ભયંકર આફતોમાંથી ઉગારી દે!** આ ધર્મ યથાશક્તિ સદા કરતા રહો જેથી કોઈપણ આપત્તિ આવી પડે તો આ ધર્મ તમારો ચમત્કારિક બચાવ કરી આપે.

કહ્યું પણ છે કે - ધર્મો રક્ષતિ રક્ષિતઃ ।

અર્થ :- જે ધર્મની આપણે રક્ષા કરીએ છીએ, તે રક્ષા કરાયેલો **ધર્મ આપણી રક્ષા કરે છે.** માટે ધર્મની રક્ષા કરવી.

## [૧૮] પાછલા ભવનું પાપ સ્વપ્નમાં જોયું

**વિક્રમભાઈ નાગપુરના છે.** તેમનો આ સત્ય પ્રસંગ આપણને ઘણું બધું કહી જાય છે. લગભગ ૩ વર્ષ પહેલાં તેમને **હથેળીમાં ફોલ્લી થઈ.** ચિંતા ન કરી. ૫-૭ કલાક પછી **લબકારા ખૂબ વધી ગયા. ડૉક્ટરને બતાવ્યું.** ડૉક્ટરને શંકા પડતાં મોટા ડૉકટર પાસે મોકલ્યા. તપાસી કહ્યું, "અંદર ખૂબ રસીને કારણે પોઈઝન થઈ ગયું છે. **અડધો હાથ કપાવવો પડશે.** મોડું કરશો તેમ વધુ હાથ કપાવવો પડશે." ગભરાઈ ગયા. ડૉક્ટરે હિંમત આપી. તરત ઓપરેશન કરાવ્યું. હાથ કપાવ્યો. ઘેન ઊતરતાં દર્દ વધુ લાગતું હતું. ઊંઘ આવતી નથી. **વિચારે ચડ્યા:-** 'એકદમ આ શું થઈ ગયું ? એક નાની ફોડકીમાંથી આટલું મોટું પ્રકરણ થઈ ગયું ? હવે હાથ વિના જિંદગીમાં કેટલી બધી મુશ્કેલી પડશે. **કયા પાપનું મારે આ ફળ ભોગવવું પડ્યું ?'** ખૂબ યાદ કરે છે, પણ કાંઈ યાદ આવતું નથી. ઘણી મોટી આફતમાં ફસાયા હોવાથી પાપને યાદ કરી રહ્યા છે. ને એમ વિચારમાં ઊંઘ આવી ગઈ.

થોડી વારે ચીસ પાડી. કુટુંબીઓએ પૂછતાં **પોતે જે સ્વપ્ન જોયું તેની વાત કરી. ખૂબ ધ્યાનથી આ વાત જાણવા જેવી છે.** ઊંઘમાં સ્વપ્નમાં તેમણે જોયું કે **જેસલમેરમાં તોફાન થયું છે.** એક



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મુસલમાનના ટોળામાં પોતે પણ જઈ રહ્યા છે. પોતે પણ મુસલમાન છે. રસ્તામાં મંદિરમાં કેટલાક ઘૂસ્યા. **સાથે ઘુસેલા એમણે મૂર્તિ તોડવા માંડી.** હાથ તોડી નાખ્યો. **પછી વિચારે ચડ્યાઃ- "મેં આ શું કરી નાખ્યું** ? ભગવાનનો હાથ તોડી મેં મોટી ભૂલ કરી." **એમ ખૂબ પશ્ચાત્તાપ થયો** અને ઊંઘમાં જ ચીસ પાડી ઊઠ્યા. ઊંઘ ઊડી ગઈ.

પછી તો હાથે રૂઝ આવવા માંડી. ડૉક્ટરે જોઈ કહ્યું, "તમને તો વાળ પણ ઊગવા માંડ્યા છે. તેનો અર્થ તમારો હાથ જીવંત છે. સારી નિશાની છે." સારું થયા પછી ડૉક્ટરે સલાહ આપી, "અમદાવાદમાં નકલી હાથ બેસાડે છે." બેસાડાવ્યો. નકલી બેસાડેલા એ હાથથી પોતે વસ્તુ પણ ઉઠાવી શકે છે એ **પૂ.પં. મ. શ્રી જયસુંદરવિ. મ.** ને વિક્રમભાઈએ દેખાડ્યું! રબરનો નકલી હાથ પણ દેખાડ્યો. થોડા સમય પછી સ્કુટર પણ ચલાવી શકશે એમ ડૉક્ટરનું માનવું છે. વર્તમાનના આ પ્રસંગથી આપણને અદૃશ્ય અતીન્દ્રિય ભવમાં ડોકિયું કરવાની તક મળે છે. **કયા કારણે હાથ કપાવવો પડ્યો? એની ખૂબ વિચારણા કરવાથી પાછલા ભવનું પાપકર્મ સ્વપ્રમાં જોવા મલ્યું. મૂર્તિનો હાથ ભાંગ્યો તો પોતાનો હાથ કપાવવો પડવો. એ કર્મ ઉદયમાં આવ્યું એટલે કેવું થઈ ગયુ ? અચાનક જ હાથમાં પરૂ થઈ પોઈઝન થવા માંડ્યું. પણ પાછળથી કરેલ પશ્ચાત્તાપે કેવાં સુંદર ફળ આપ્યાં ? :-** ડૉક્ટર રોગને પકડી શક્યા. સમયસર સારવારથી વધુ સડો ન થયો. **કપાયેલો હાથ પણ પાછો મલ્યો (નકલી).** કેટલાંક કામો પણ નકલી હાથથી કરી શકે છે.

આપણને દેખાય નહીં કે, માનીએ નહીં તો પણ જેમ ખાધેલું ઝેર ક્યારેક મારી પણ નાખે, તેમજ કરેલ નાનાં મોટાં બધાં પાપ ક્યારેક અવશ્ય ભયંકર દુઃખ આપે જ છે. તેથી હે બુદ્ધિશાળી મિત્રો! તમારા પોતાના સ્વાર્થ માટે બધાં પાપો છોડો.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## [૧૯] પરભવ છે જ, સદ્ગતિ માટે સાધના કરો

ચાણસ્મામાં **નરેશનો જન્મ** થયો હતો. ૪ **વર્ષની ઉંમરે** તેણે કહેવા માંડ્યું, "**હું તો હરગોવન પટેલ છું. વિરમગામમાં મારું ઘર છે !** મારે બે દીકરા છે...." વગેરે ઘણું બધું તેણે કહ્યું. તે વારંવાર આવું બોલે છે. તેથી ઘરના તેને **વિરમગામ લઈ ગયા.** પહેલીવાર વિરમગામ ગયેલો છતાં તેણે પોતાની શેરીમાં **પોતાનું ઘર બતાવ્યું !** પછી કહે, "અહીં જ મારું ઘર હતું. એને તોડી કોઈએ નવું ઘર બનાવ્યું છે." ઘરનાંને પૂછતાં તેમણે કહ્યું 'અમે ખરીદીને નવું બાંધ્યું છે. હરગોવનભાઈ પહેલાં અહીં રહેતા હતા. તેમના ઘરના અમુક સ્થળે રહેવા ગયા છે....' ત્યાં ગયા. નરેશે તેની **તે ભવની પત્ની, પુત્ર વગેરેને નામ સાથે ઓળખી બતાવ્યાં. !** અરે ! એ તો ઠીક, તે ભવમાં પત્ની-પુત્ર સાથે થયેલી **કેટલીક વાતો, સાબિતીઓ, જે માત્ર પત્ની, પુત્ર જ જાણતાં હતાં તે બધું કહી બતાવ્યું!!** આગળ વધી તે ભવની પોતાની કેટલીક ખાસિયતો પણ સંભળાવી!!! હરગોવનભાઈ ફેંટો (પાઘડી) જેમ બાંધતા હતા તેમ આ ૫ વર્ષના ટેણિયાએ માથે પહેરી બતાવ્યો! નરેશે પહેલાં કદી ફેંટો બાંધ્યો પણ નહોતો.

અતિ આશ્ચર્યની વાત તો એ છે કે તેણે પૂછ્યું કે "નાનિયો ક્યાં છે ?" **હરગોવનભાઈના નાના દીકરાને ઘરમાં નાનિયો કહેતા હતા. તે અમદાવાદમાં નોકરી કરતો હતો.** સાથે આવેલા નરેશના વડીલોને પાકી ખાતરી થઈ કે આ નરેશ જ પાછલા ભવમાં હરગોવનભાઈ હશે. પછી બધાં ચાણસ્મા પાછા ગયા. પટેલના ઘરનાએ અમદાવાદ નાનિયાને કાગળ લખી બધી હકીકત લખી જણાવ્યું કે આપણા બાપા ચાણસ્મામાં જન્મ્યા છે. નાનિયો મહિના



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પછી **બાપાને મળવા ચાણસ્મા ગયો.** સરનામું પૂછતા પૂછતા રસ્તામાં જતો હતો ત્યાં **રસ્તામાં રમતા નરેશે આને જોયો કે તરત જ બોલ્યો, "નાનિયા, તું આયો ?"** ને એમ બોલતો દોડ્યો. નાનિયો પણ અજાણ્યા છોકરાને પોતાનું નામ બોલતો સાંભળી આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયો. નરેશ નાનિયાને તેના ઘેર લઈ ગયો. નરેશના મોઢેથી તે ભવની **બધી વાતો સાંભળી નાનિયાને પણ ખાતરી થઇ ગઇ કે નરેશ જ અમારા બાપાનો આત્મા છે !**

**પ્રો. બેનરજીએ આની તપાસ કરી આ કિસ્સો લખ્યો છે.** આ સત્ય ઘટના જાણ્યા પછી કેટલાક મહાત્માઓએ વ્યાખ્યાનમાં નરેશને ઊભો કરી તે ઘટના વ્યાખ્યાનમાં સંભળાવી છે. નરેશ ૩ વર્ષ પહેલાં મુંબઈ બોરીવલીમાં રહેતો હતો. ત્યાં મને પણ મળ્યો હતો. બેનરજી અને **અમેરિકા વગેરેના બીજા ઘણા સંશોધકોએ આ અને આવાં દુનિયાભરનાં પૂર્વજન્મનાં સેંકડો સત્ય દૃષ્ટાંતો જાતે વૈજ્ઞાનિક સંશોધન કરી** પુસ્તકોમાં છપાવ્યાં છે. આમ આજે ઘણાં ભણેલાઓને પણ પૂર્વજન્મ ખરેખર છે જ એ માનવું પડે છે ! તીર્થંકર ભગવંતોએ તો સાક્ષાત્ આપણા બધાના આવા અનંતાનંત ભવો જોયા છે અને આ વિષયમાં ખૂબ જ વિસ્તારથી વિગતવાર વર્ણન અનંત વર્ષોથી કર્યું જ છે.

**તમારે** તમારી સુંદર બુદ્ધિનો ઉપયોગ કરી આ બધી બાબતોનો **ઊંડો અભ્યાસ કરી પરભવ છે જ એવો દૃઢ નિશ્ચય કરવા જેવો છે.** હવે અહીં અને પછીના જન્મોમાં આપણા આત્માનું હિત શું કરવાથી થાય તે માર્ગદર્શન મહાન જ્ઞાનીઓ પાસેથી અને શાસ્ત્રો પાસેથી મેળવી દાન વગેરે શુભ કાર્યોથી સદ્ગતિ ભવોભવ અને પ્રાંતે પરમ પદને પામો એ જ સલાહ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## [૨૦] નૂતન પરિણિતનું પરાક્રમ

**લગ્નની પ્રથમ રાત્રિ** આખી એ અનોખા આત્માએ **પત્ની સાથે સામાયિકમાં સફળ કરી!!!** એ અલગારી ધર્મીને ચારિત્રનો ઉલ્લાસ ન હતો, છતાં વિચારે છે કે અમારાં સાધુ-સાધ્વીજી જિંદગીભર બ્રહ્મચર્ય પાળે છે. તો મારે પણ શક્ય એટલું કેમ ન પાળવું ? આ સત્ય ઘટના ચોથા આરાની નથી પણ અત્યારની જ છે. પત્નીને દિલની વાત કરી. પુણ્ય પણ પ્રબળ કે પત્નીએ મધુરજની સામાયિકથી ઉજવવાની સહમતિ આપી! અજ્ઞાની અને વિલાસી માનવોની રાતો અનંતા ચીકણા પાપ બાંધવામાં જાય છે. જ્યારે **આ ધર્માત્માએ મધુરજનીએ પણ અનંતા કર્મોનો નાશ કર્યો!! આ ધર્મી યુવાન લગ્નની પ્રથમ રાત્રે ભાવથી સાધુ જેવો બની ગયો!!! બંનેએ મસલત કરી કે આપણે ૨ વર્ષ મોડાં લગ્ન કર્યાં હોત તો અબ્રહ્મનું પાપ ૨ વર્ષ સુધી તો ન કરત ને ?** તો આપણે મનથી માની લેવું કે આપણે લગ્ન કર્યાં નથી! એમ **મનને સમજાવી લગ્ન પછી ૨ વર્ષ બ્રહ્મચર્ય પાળ્યું !** લોકો પાછળ બોલવા માંડ્યા કે બે-બે વર્ષ થયા છતાં સંતાન કેમ થતું નથી ? ત્યારે ગુપ્ત બ્રહ્મચારી આ બંનેએ અબ્રહ્મનું પાપ સેવવું પડ્યું. પણ ત્યારે મનમાં **બંનેએ એવી પ્રાર્થના કરી કે અમારું બાળક ખૂબ મહાન બને!** છતાં પછી પણ તેઓ ઘણાં દિવસ તો બ્રહ્મચર્ય પાળે છે.

આવો **અદ્ભુત પ્રસંગ વાંચી** તમે પણ અનંત ભવોના મૂળ એવા આ અબ્રહ્મને ત્યજી દેજો. એ શક્ય ન હોય તો **છેવટે પંર્યુષણ વગેરે પર્વોએ ત્યાગ તથા પરસ્ત્રીત્યાગ વગેરે** ખૂબ સહેલા આચારોથી દુર્લભ આ માનવભવને સફળ કરો એ અંતરની અભિલાષા.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## [૨૧] હસમુખભાઇના બ્રહ્મચર્ય વગેરે નિયમો

હસમુખભાઈનાં યુવાન સગર્ભા **ધર્મપત્નીને ટેબલ પરથી પડી જવાથી વાગ્યું.** ડૉક્ટરે તપાસી કહ્યું કે **શરીરમાં ઝેર થઇ ગયું છે.** ઑપરેશન કરવું પડશે. જન્મનાર બાળક અથવા જન્મ આપનાર બેમાંથી એક જ બચે તેમ છે. હસમુખભાઈએ કહી દીધું કે ''મારે ઑપરેશન કરાવવું નથી.''

વિચાર કરતાં **સંકલ્પ કર્યો કે શ્રાવિકાને સારું થઇ જાય માટે ૮૧ આયંબિલ કરવાં અને ત્યાં સુધી બ્રહ્મચર્ય પાળવું! લગ્નને માત્ર ૨ વર્ષ થયેલાં.** છતાં આવા ઘોર સંકલ્પને પ્રભાવે થોડીવારમાં **તેમને સ્ફૂરણા થઈ કે અમુક ડૉકટરને બતાવવું.** તે પ્રમાણે બતાવ્યું. તે કહે, ''ચિંતા ન કરો. ટાઈફોઈડ છે. સારું થઈ જશે.'' દવા આપી. તાવ ગયો. **સબાળ શ્રાવિકા બચી ગયાં !** ઓપરેશન પણ કરાવવું ન પડ્યું. **આયંબિલ કરવાનો મહાવરો નહીં,** આયંબિલ કરવામાં તકલીફ પડે, તેથી ૩ **વર્ષમાં પણ ૮૧ આયંબિલ પૂરાં ન થયાં. તેથી ભાવના વધારી પત્નીની સંમતિથી જીવનભરનું બ્રહ્મચર્ય લઇ લીધું !**

હસમુખભાઈએ **આવનારી પુત્રવધૂ સાથે શરત કરી કે ઉકાળેલું પાણી પીવું પડશે અને નવકારશી, ચોવિહાર કરવા પડશે !** શરતનો સ્વીકાર થયા પછી જ લગ્ન થયાં. **દીકરીના સાસરે પણ કહ્યું કે લગ્ન પછી મારી દિકરી નવકારશી, ચોવિહાર કરશે અને ઉકાળેલું પાણી પીશે.** દીકરીનાં સાસરિયાં કબૂલ થયાં પછી જ લગ્ન થયાં. આજે **હસમુખભાઈના ઘરનાં બધાં** અને તેમની દીકરી **આ ત્રણે કઠિન નિયમોનું પાલન કરે છે !**

આચારપ્રેમ કેવો જબરજસ્ત ! ઘરનાં બધાંએ આટલું કરવું જ પડશે. સૌ નિયમમાં ખૂબ મક્કમ રહે. વિના કારણે મામૂલી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મુશ્કેલીમાં અભક્ષ્ય-અનંતકાય ભક્ષણને રાત્રિભોજન કરનાર બધાં જૈનોએ આ વાંચી હિંમત કેળવી **નરકદાયી રાત્રિભોજન** આદિ ભયંકર પાપોથી જરૂર બચવા જેવું છે. **આપણે ઊંચા કૂળમાં જન્મ્યા છીએ. તો ઊંચા કૂળના આચારવિચાર ઉંચા જ હોય ને ? સિંહ ઘાસ ખાય ? જૈન રાત્રિભોજન કરે ?**

## [૨૨] યાવજ્જીવના બ્રહ્મચર્યની તાલાવેલી

મુનિશ્રી મેઘદર્શનવિજયજીને કારતકમાં દંપતીએ **બ્રહ્મચર્યવ્રત આપવાની વિનંતી કરી! બંને રૂપાળાં! લગભગ ૩૨વર્ષની ઉંમર!** તેમણે ઓળખાણ આપતાં કહ્યું, ''આ વર્ષથી ધર્મમાં જોડાયાં છીએ. સંઘમાં ચોમાસામાં કરાવેલી બધી તપ વગેરે આરાધના કરી છે.'' પણ મ. શ્રી. એ **ભરયુવાનવયને કારણે આટલું કઠિન વ્રત** આપવાની ના પાડી. તેઓએ અતિ આગ્રહ કરતાં કહ્યું, ''ચારે માસ બ્રહ્મચર્ય પાળ્યું જ છે. ચોક્કસ પાળીશું....'' ખૂબ તપાસી મ. શ્રી એ ફરી **વંદન કરવા ન આવે ત્યાં સુધીનું પચ્ચક્ખાણ** લેવાનું કહ્યું. તેઓએ ૩ માસ જઘન્યથી અને પછી વંદન ન થાય ત્યાં સુધીની બાધા લીધી. ૧ વર્ષે આવ્યાં અને ફરી પચ્ચક્ખાણ આપવાની વિનંતી કરી. ફરી વર્ષનું આપ્યું. એમ **૪-૫ વર્ષ તેઓ આવતાં રહ્યાં. અને જિંદગીભરની જ માંગણી** કરતાં ! મ. શ્રી ૧ વર્ષનું આપે. ગઈ સાલ ૫ વર્ષનું પચ્ચક્ખાણ આપ્યું. નવો ધર્મ પામેલાં આ જીવોને આવું કઠિન વ્રત લેવાની કેવી તાલાવેલી ? **તેઓ એક જ રૂમમાં સૂએ છે. છતાં તેમને મનથી પણ અબ્રહ્મનો વિચાર સુધ્ધાં નથી આવતો !** કેવાં પવિત્ર ? હે જૈનો! **તમે પણ આમને હૃદયથી પ્રણામ કરી** આવા ગુણો તમારામાં આવે એવી પ્રભુને પ્રાર્થના કરી યથાશક્તિ આ ગુણથી પણ આત્માને પવિત્ર બનાવો એ શુભાભિલાષા.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## [૨૩] ભરયુવાનીમાં બ્રહ્મચર્ય

**ગુજરાતમાં રહેતા એક બહેનનો આ પ્રસં**ગ ખૂબ અનુ-મોદનીય છે. આપણે એમને મનોરમાના નામથી ઓળખીશું. લગ્ન પછી એક-બે વર્ષમાં જ **વીશ વર્ષની ભરયુવાનવયે પતિ પરલોક પધાર્યા.** ખૂબ રૂપાળાં, ગુણિયલ, સદાચારી આ બહેને, **"હવે બીજીવાર લગ્ન નથી જ કરવા. હવે મારે બ્રહ્મચર્ય જેવો મહાન ધર્મ આદરી માનવજન્મ સફળ કરવો છે." આવો ભગીરથ** સંકલ્પ કર્યો !

પછી શિક્ષિકા બન્યાં અને સુંદર શીલ-સદાચારમય જીવન જીવે છે. આજે ૪૫ વર્ષની ઉંમરે, યુવાની અને રૂપ એવા જ છલકાઈ રહ્યાં છે ત્યારે તેમના અનોખા, આશ્ચર્યકારક જીવનની અસર બીજાને થઈ.

બહેનનો બ્રહ્મચર્ય પાળવાનો સંકલ્પ સાંભળી **એક નિઃસંતાન વિધુર ભાઈએ બહેન પાસે બ્રહ્મચર્યના પાલન સાથે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો.** બ્રહ્મચર્ય વ્રતનાં રાગી **મનોરમા બહેને પ્રસ્તાવનો ઈનકાર કર્યો.** કદાચ પુરુષના સહવાસ અને પરિચયથી મનમાં પણ વિકાર જન્મે તો ? બ્રહ્મચર્યનાં આ ઉપાસકે, ઉપાસના એળે ન જાય માટે લગ્ન ન જ કર્યાં.

**બીજાં એક બહેન,** જેઓ લગ્ન પછી પતિ સાથે ન બનતાં કાયમ માટે પિયર પાછાં આવી ગયાં છે તેમણે **ફરી લગ્ન ન કરવાનો નિશ્ચય** કરી લીધો છે. **છેવટે બીજા લગ્ન તો ન જ કરવા એવો નિર્ણય તમે કરો તો બ્રહ્મચર્યની સાધનાના લાભ સાથે ઘણી ચિંતા અને ઉપાધિઓથી બચી જશો.**

## [૨૪] લગ્ન-દિવસે રાત્રિભોજનત્યાગ

એક અનોખા લગ્ન-ઉત્સવની વાત ધ્યાનથી વાંચો. **છોકરા-છોકરીના પિતાઓએ નક્કી કર્યું કે આપણે રાત્રિભોજન ન કરાવવું.**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**છોકરીવાળા** લગ્ન પછી **સાંજે જમાઈને** ઘણા બધા સાથે **જમાડવાના હતા.** પતિપત્ની લગ્ન પછી પ. પૂ. આ. ભ.ને વંદન કરવા ગયાં. ટ્રાફિક વગેરેને કારણે પાછા આવતાં ઘણું **મોડું થઈ ગયું.** સૂર્યાસ્તની ૫ મિનિટની વાર હતી. **છોકરીના બાપ મૂંઝવણમાં પડ્યા કે જમાડવાની ના પાડીએ ને જમાઈને વાંધો પડશે તો** મારી દીકરીને જિંદગીભર હેરાન કરશે. હવે શું કરવું ? પણ પતિપત્ની જેવાં ભોજનમંડપમાં આવ્યાં કે તરત **દીકરાના બાપે બૂમ મારી કે સૂર્યાસ્તની તૈયારી છે. રસોડું બંધ કરો !** છોકરીના બાપની મૂંઝવણ ટળી ગઈ. રાત્રિભોજનના પાપથી બધાં બચી ગયાં. **લગ્નના દિવસે પણ બધાને રાત્રિભોજનના પાપથી આવા ધર્મપ્રેમી નરબંકાઓ બચાવે છે!** તો હે જૈનો! તમે પણ મન દૃઢ કરો તો નરકદાયી આ રાત્રિભોજનના પાપથી અવશ્ય બચી શકો.

## [૨૫] લગ્નપ્રસંગે બધાં પાપ ત્યાગ

પરણતા એક યુવાનની પાપભિરુતાને તમે હાથ જોડીને વાંચો. **લગ્ન-પ્રસંગે પિતાજી વગેરે સમક્ષ દૃઢતાથી રાત્રિભોજન, બરફ, અભક્ષ્ય વગેરે બધાની આ યુવાને સ્પષ્ટ મના કરી.** તેથી લગ્નભોજન પણ બપોરે રાખ્યું. પાણી ઠંડું કરવા તેણે જમીનમાં ખાડા ખોદાવી કાળી માટીની નવ કોઠીઓ મુકાવી. ઠંડું પાણી ભરાવી ૭ દિવસ રાખ્યું. રોજ એ પાણી ગળાવે. લગ્ન પ્રસંગે બરફ વિનાનું પણ ફ્રીજ જેવું આ ઠંડું પાણી પી બધાંને આશ્ચર્ય થયું. **સત્કાર-સમારંભ** વગેરે બધું આ પાપભયવાળા યુવાને **દિવસે રખાવેલું, પણ વિદાય મુહૂર્ત રાત્રે જ હતું. અને લોકરિવાજ પ્રમાણે ત્યારે રાત્રે બધાને ચા પીવડાવવી પડે. યુવાને પિતાને સ્પષ્ટ ના પાડી દીધી.** છતાં લોકલાજે પિતા આ પાપ ના કરે માટે યુવાને **મિત્રોને યોજના**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ખાનગીમાં સમજાવી દીધી.** વિદાય સમયે ટ્રેમાં ચા લાવતાં **દૂરથી જોઈ મિત્રોએ ત્યાં પહોંચી બધી ચા જપ્ત કરી ઢોળાવી નંખાવી!** પરણતા યુવાનની ભાવના પણ કેવી ઉત્તમ! તમે પણ મન મક્કમ કરી ખોટા કે નાના બહાનાથી અભક્ષ્ય વગેરે ભયંકર પાપોથી બચો અને અન્યને બચાવો એ જ મનોકામના.

## [૨૬] પુણ્યશાળી બાળકી

ગુજરાતના સુંદરભાઈનો **આ ખૂબ અનુમોદનીય પ્રસંગ વાંચીને** તમારે બધાએ પણ શુભ સંકલ્પ કરવા જેવો છે. સોનોગ્રાફી પછી તેમની પત્ની સહિત બધાંને ડૉક્ટરે જણાવ્યું કે **ગર્ભમાં બેબી છે. વળી તે અપંગ જન્મશે.** જીવશે તો પણ વધુમાં વધુ ૨૦ વર્ષનું આયુષ્ય હશે. કદાચ માત્ર છ માસ જ જીવે. **માત્ર માથાનો વિકાસ થશે.** બાકીનું બધું શરીર જન્મેલી બાળકી જેવું કાયમ રહેશે. **દેખાવ રાક્ષસી જેવો હશે.** આ વગેરે બધું સમજાવી **દબાણ કર્યું કે ગર્ભપાત કરાવી નાંખો,** નહીં તો એ છોકરી તમને બધાંને ખૂબ હેરાન કરશે.

ધર્મપ્રેમી ઘરના બધાએ વિચારીને ગર્ભપાત નહીં કરાવવાનો નિર્ણય કર્યો! ખરેખર ડૉક્ટરનો રીપોર્ટ સાચો પડ્યો. રાક્ષસી બાળકી જન્મી. નામ વિરતિ પાડ્યું. શરીરમાંથી પરુ વગેરે નીકળ્યા જ કરે! **ધર્મી કુટુંબીઓએ નક્કી કર્યું કે આને ખૂબ ધર્મ કરાવવો છે!** અને પુણ્યશાળી બનાવી દેવી છે. **મહિના પછી નવડાવી તરત પૂજા કરાવી!** માત્ર મૂળનાયકને અંગૂઠે ટીકી કરાવે. કારણ પરુ, રસી વારંવાર નીકળતા.

**બધાં તીર્થો અને આચાર્ય આદિ પૂજ્યોની યાત્રા અને વંદન આ બાળકીને કરાવવા માંડ્યાં ! પૂ. શ્રીને ઘરનાંએ વંદન કરાવીને**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કહ્યું કે થોડા સમયની આ મહેમાનને અમે સ્થાવર-જંગમ તીર્થયાત્રા કરાવ્યા કરીએ છીએ. **અમને સૌથી વધુ આનંદ એ વાતનો છે કે ખૂબ દુઃખી આ જીવને અમે ભવ્ય બનાવી દીધો! શાશ્વતા શત્રુંજયની યાત્રાએ લઈ જઈ પૂજા કરાવી.** શાસ્ત્રોમાં કહ્યું છે કે માત્ર ભવ્ય જ શત્રુંજયના દર્શન કરી શકે! પાછલા કોઈ જન્મના ભયંકર પાપે એને ખૂબ દુઃખ આપ્યાં છે. પણ હવે એનું પુણ્ય વધે અને સદ્‌ગતિ મળે અને એનું આત્મહિત શીઘ્ર થાય એ માટે અમે ખૂબ મહેનત કરી અલ્પ સમયમાં ઘણો ધર્મ કરાવ્યો છે! અને ૩ મહિને એનું આયુષ્ય પૂર્ણ થઈ ગયું. ઘરનાંએ છેલ્લે તે વિરતિને બધું વોસિરાવવું વગેરે બધી અંતિમ આરાધના કરાવી!

આ બાળકી કેટલી ભાગ્યશાળી કે માબાપે ખૂબ ધર્મ કરાવ્યો. મારે ખાસ એ ધ્યાન દોરવું છે કે ઘણાં બધાં પાપો કરેલ **આ જીવે એવું કોઈ સુંદર પુણ્ય કર્યું હશે કે આ ગર્ભપાતના જમાનામાં આને આવા ધર્મી માતપિતા મળ્યાં!** આવા વિલાસી ને સ્વાર્થી જમાનામાં પણ કુટુંબીઓએ સતત ત્રણ માસ એના આત્માની જ ચિંતા કરી!

આ વાંચી **તમે બધા નક્કી કરો કે અમારે અમારાં બધાં બાળકોને શક્ય એટલા ધર્મસંસ્કારો આપવા છે અને ધર્મ-આરાધના કરાવવી જ છે.** તમારાં સંતાનો તો આના કરતાં અનેકગણાં પુણ્યશાળી છે. બાળપણમાં જે ધારો તે તમે કરાવી શકો. તેથી તમે ખૂબ ધર્મ કરાવી તેમનું અને તમારું ખૂબ આત્મહિત સાધો. આનાથી **તમને પણ એવું પુણ્ય બંધાય કે ભવોભવ તમને ધર્મી માતાપિતા મળે** અને જન્મથી જ ઉકાળેલું પાણી વગેરે ભાતભાતની ધર્મ સામગ્રી મળે!



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## [૨૭] ભવ્ય જિનપૂજા અને વિશિષ્ટ તપ-ત્યાગ

ઘાટકોપરના **અમરીશભાઈના તપ અને ત્યાગના વિશિષ્ટ પરિણામ ખૂબ અનુમોદનીય છે.** આજે તેમની ઉંમર માત્ર ૩૬ વર્ષની છે. ૨ વર્ષ પહેલાં **દિવસમાં કુલ માત્ર ૭ દ્રવ્ય અને એક ટંકે ચારથી વધુ ન વાપરવાનું જાવજ્જીવ માટે પચ્ચક્ખાણ લીધું!** છતાં પરિણામ એટલા બધા ત્યાગના કે સવારના માત્ર ૨ થી ૩ અને સાંજે લગભગ ૩ દ્રવ્ય જ જમે! તેમની ફેકટરી ઘરથી લગભગ ૧૨૫ કિ.મી. દૂર. પાલઘર એમને રોજ જવાનું. ઘેરથી ટીફીન લઈને નીકળીને દિવસમાં માત્ર ૨ જ વખત વાપરે. નવકારશી, ચોવિહાર કરવાનાં. તેથી બંને ભોજન ટ્રેઈનમાં જ કરવાં પડે. રવિવારે બેસણું કરે. બહારની બધી વસ્તુઓનો ત્યાગ છે. **ચોવિહારનો આજીવન નિયમ છે.**

**મહિનામાં ૬ ઉપવાસ કરે!** ચૌદસના ૨ તથા બીજા ૪. ઘણા ખરા ઉપવાસ ચોવિહાર જ કરે. **કાચી ૩ વિગઈઓનો જિંદગીભર ત્યાગ છે.**

અમરીશભાઈ અષ્ટપ્રકારી જિનપૂજા રોજ ખૂબ ભાવથી કરે છે. આટલી દોડાદોડ છતાં **રોજ લગભગ ૧ કલાક જેટલો સમય ભક્તિપૂર્ણ હૃદયે પૂજા કરે.** અને સોના-ચાંદીના વરખની **રોજ આંગી કરે.** નૈવેદ્ય-ફળ વગેરે **બધાં દ્રવ્યો ભક્તિમાં ઊંચી જાતના, મોટા, શ્રેષ્ઠ જ વાપરવાનાં.** ધૂપ પણ સુગંધી ને સારો વાપરવાનો. **દર શનિવારે અને રજાના દિવસે તો છ-સાત કલાક સુધી આંગી વગેરે ખૂબ ભાવથી કરે!** વિશેષમાં આંગી પૂરી ન થાય ત્યાં સુધી બધું ખાવા કે પીવાનું બંધ! આખા **મુંબઈમાં ક્યાંય પ્રણ સાલગીરી નિમિત્તે** તેમને આંગી માટે સંઘ બોલાવે તો ધંધો છોડી હોંશથી દોડી જાય



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અને ખૂબ સુંદર આંગી ૪-૬ કલાક સુધી કરે. સાથે પોતાના સોનાના વરખ વગેરે સામગ્રી લઈ જાય. કોઈ સંઘમાં **સામગ્રી ઓછી હોય તો પોતાની વાપરે!** ભાવના ઊંચી કે મારું દ્રવ્ય જિનભક્તિમાં જેટલું વધારે વપરાય તેટલું સારું.

**ભગવાનની સ્તવના કરવામાં ભાન ભૂલી જાય.** કંઠ સારો છે. સાંભળનારને પણ ભાવ આવી જાય! ચૈત્યવંદન વગેરેમાં ભાવવિભોર થઈ જાય. ચૌદશ શુક્ર કે રવિવારના આવે ત્યારે **છટ્ઠ કરવો પડે તો પણ અવશ્ય કરે** અને તે પણ ખૂબ પ્રસન્નતાથી.

અમરીશભાઈની **સરળતા વગેરે પણ ખૂબ અનુમોદનીય છે.** પરિચયમાં આવનારા સર્વના હૃદયમાં તેમનું વિશિષ્ટ સ્થાન છે. મોક્ષ શીઘ્ર પામવાની લગની ભારે. સાધુસાધ્વીની ભક્તિ કરવા કાયમ દોડે. **સાધર્મિકોની ભક્તિ પણ ખૂબ ભાવથી કરે!**

## [૨૮] લાખો ધન્યવાદ એ મહાનન શ્રાવકને (વીરચંદભાઈનો વિશ્વવિક્રમ)

**વીરચંદભાઈ બારડોલીવાળાની કેટલીક આરાધનાની વાત મેં આ પુસ્તકના ભાગ-૨ માં કરી છે. અહીં એમની બીજી પણ અનેક આરાધનાઓ બે હાથ જોડી આદરથી વાંચો :-**

૩૦ વર્ષની ભરયુવાન વયે આજીવન **બ્રહ્મચર્યવ્રત સ્વીકાર્યું!**

**કાચા પાણીને** અડવાનું પણ નહિ !!

કાળવેળાએ પોસાતીની જેમ ખુલ્લામાં **કામળી ઓઢીને** જ જાય !!!

૪-૪-મહિને લોચ કરાવતા !!!!



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દરરોજ ૧૦ સામાયિકનું દેસાવગાસિક અને ૫ તિથિ **પૌષધ** કરતા !!!!!!

ચોમાસામાં ગામ બહાર જતા નહીં! **દરરોજ સાધર્મિક ભક્તિ કરતાં!** ગમે તે મહેમાન આવે પણ ઘરમાં **સૂર્યાસ્ત પછી પાણી પણ ન આપે!** કેળા સિવાયની **બધી લીલોતરીનો ત્યાગ** કરેલો.

શાસનપ્રભાવક **પ. પૂ. આ. ભ.** શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. સા. નાં **વ્યાખ્યાન સાંભળી અનીતિના ધનના ત્યાગનો** અભિગ્રહ કર્યો અને તેથીજ ઈન્સ્પેક્ટરના હોદ્દાવાળી સારી નોકરી છોડી દઈ પાઠ**શાળાના અધ્યાપક બન્યા!** પૂ. શ્રીના પરિચયથી **પ્રવ્રજ્યાનો દૃઢ ભાવ** પેદા થઈ ગયો. પરંતુ એ મળી નહિ. તેથીએ ન લેવાય ત્યાં સુધી ઘીનો મૂળથી ત્યાગ કર્યો! દરરોજ **ત્રિકાળ જિનપૂજા** કરતા!

**તપ પણ ખૂબ કર્યા-** ૨ વર્ષીતપ, ૨ ચોમાસી તપ, ૩ ઉપધાન, સિદ્ધગિરિમાં આયંબિલ સહિત ચોમાસું, પોષ દશમી વગેરે ઘણા તપ કરતા. વર્ધમાન તપનો પાયો નાંખી સતત ઓળીઓ કરતા. પાલિતાણામાં **૨ માસ મૌન પાળ્યું!** ૯૭મી ઓળીમાં અશક્તિ ખૂબ વધવા છતાં ગ્લુકોઝના બાટલા લેવાની ના પાડી દીધી. આયંબિલ કાયમ પુરિમઢ્ઢે કરતા! માત્ર **૩ દ્રવ્ય વાપરે** પછીથી તો ત્રણે ભેગા કરી વાપરતા. ૧૩ વર્ષ પૂર્વે ૪૭મા આયંબિલે નવકારવાળી ગણતા સદ્ગતિને સાધી ગયા. તેમની અદ્વિતીય આરાધનાથી અહોભાવપૂર્વક સંઘે અનુકંપા-દાન સહિત **પાલખી કાઢવા પૂર્વક સ્મશાનયાત્રા કાઢેલી.**

એમની અનોખી આરાધના અને ખૂબ ઊંચા અધ્યવસાયથી **આ જીવ ચોથા આરાનો હોય તેવું આપણને લાગે.** જીવદયા અને માત્ર આરાધનાના જ પરિણામ, પાપનો પડછાયો પણ ન લેવો. આ બધું



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આપણા માટે તો અશક્ય લાગે છે. આપણે સાચા ભાવથી આમને સાદર પ્રણામ કરવા દ્વારા આવી આરાધનાની શક્તિ અને ભાવ પ્રભુ આપણને જલ્દી આપે એ જ એક માત્ર મનોરથ કરીએ અને આંશિક પણ શક્ય આરાધના કરીએ એ જ મનોકામના.

## [૨૯] શ્રી આદિનાથની પહેલી પૂજા કરાવી

૧૫ વર્ષની કિશોર વયે એક **પુણ્યવંતો પ્રસંગ સાક્ષાત્ જોઈ રાણપુરના મનવંતરાયનું હૈયું ગદ્‌ગદ્ થઈ ગયું** . શ્રી શત્રુંજયની યાત્રાર્થે ગયેલા મનવંતરાય પૂજા કરવા લાઈનમાં બેઠેલા. પહેલી **પૂજાનું ઘી બોલાતું હતું.** રંગમંડપમાં માતા સાથે બેઠેલ એક માતૃભક્ત ભાઈ પણ ઉછામણી બોલતા હતા. ચડાવો આગળ વધતો હતો. છેવટે પાછળ બેઠેલા **એક ભાઈને ચડાવો મળ્યો.** તેમનું નામ પ્રભુદાસ કલ્પીએ. **માતૃભક્ત ભાઈ અને તેમના માતુશ્રીની આંખોમાંથી અશ્રુધારા નીકળવા માંડી.** ભાઈનુ માથું ખોળામાં લઈ મા સાંત્વન આપવા લાગી. તેથી ઘણાંનું ધ્યાન ત્યાં ગયું. આદેશ મળેલ પુણ્યશાળી પ્રભુદાસે ત્યાં જઈ **પૂછયું, "એકાએક કાંઈ તકલીફ થઈ નથી ને ?" માતૃભક્ત ભાઈએ જવાબ આપ્યો,** "હે પુણ્યશાળી! બીમારી કાંઈ નથી. હું તો મારા કર્મોને રોઉં છું. **આ મારાં બાને ૮૦ વર્ષ થયા છે.દાદાની યાત્રા તથા પહેલી પૂજાની તેમની ઈચ્છા હતી પણ** શક્તિ ન હતી તેથી આગળ બોલી ન બોલ્યો. **કમભાગી હું બાની ઈચ્છા પૂરી કરી શક્યો નહિ** તેથી ખૂબ લાગી આવે છે. વૃદ્ધ બા હવે ફરી યાત્રા માટે આવી શકશે કે નહીં ? અને તેમની પહેલી પૂજાની ઈચ્છા હું પૂરી કરી શકીશ કે નહીં તે કોણ જાણે ? બીજુ કાંઈ દુઃખ નથી. આપ સૌ ચિંતા ન કરો. પૂજા કરવા પધારો." આ સાંભળી **આદેશ મળેલ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**પ્રભુદાસભાઈ** માતૃભક્તની બાના ખોળામાં માથું મૂકી **બોલ્યા, "બા! હું પણ તમારો દીકરો જ છું.** પુત્રની ઈચ્છા મા અવશ્ય પૂરી કરે. **આ પૂજાની થાળી લો. તમે પહેલી પૂજા કરો.** મા પૂજા કરે પછી જ દીકરો પૂજા કરે ને ?" પ્રભુદાસભાઈની કેવી ઉદારતા! વૃદ્ધાની અંતરની ભાવના જાણી આ લાગણીશીલ સુશ્રાવક તેમને પોતાની મા ગણી પહેલી પૂજા તેમની પાસે કરાવવા તૈયાર થઈ ગયા. માએ પણ વિનંતી સ્વીકારી અને **માતૃભક્ત અને પ્રભુદાસ બન્ને માને હાથ પકડી દાદા પાસે લઈ જવા માંડ્યા. જોનારા બધા આવું અદ્‌ભૂત દૃશ્ય સાક્ષાત્ જોઈ હર્ષથી ગદ્‌ગદિત થઈ ગયા.** ઘણાંને હર્ષાશ્રુ વરસવા માંડ્યા!

લાઈનમાં પાછળ હોય તેને પણ ક્યારેક ઉદારતાપૂર્વક આગળ કરો. એ આનંદ પણ અનુભવવા જેવો છે. આ વાંચી તમે પ્રભુદાસ પર પ્રસન્ન થયા હો તો નિશ્ચય કરો કે હું **પણ ક્યારેક ખૂબ ઊંચી ભાવનાવાળા શક્તિહીન સાધર્મિકને પહેલી પૂજા વગેરે કરાવી પ્રભુદાસ બનીશ.** તેથી તમને પૂજા, ઉદારતા, સાધર્મિક ભક્તિ વગેરે અનેક લાભો થશે.

## [30] મરતાં નવકાર સંભળાવી ગાયને દેવ બનાવી

એ સુશ્રાવક મહેસાણામાં રહે છે. તેમનાં બહેન પૂના રહે છે. થોડાં વર્ષ પહેલાં એક વાર તે જતાં હતાં. **રસ્તામાં એક ગાય** જોઈ. તે **મરવા પડી હતી.** કરુણાથી **નવકાર સંભ**ળાવ્યા! મરી ગઈ. થોડા સમય પછી ઘરમાં ભીંત ઉપર પ્રકાશ-પ્રકાશ થઈ ગયો. બહેન જોઈ જ રહ્યાં. પ્રકાશ ગોળ ગોળ ફરવા લાગ્યો. તેમાં વચ્ચે **ગાય પ્રગટ થઈ.** બહેને બે હાથ જોડી પૂછયું, "આપ કોણ છો ?" **ગાયે બધી વાત કરી,** "તમે જેને નવકાર સંભળાવ્યો તે ગાય હું છું. **તમારો**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ખૂબ આભાર. જરૂર પડે ત્યારે યાદ કરજો.** તમને સહાય કરીશ.'' **દેવ અદૃશ્ય થઈ ગયા.** થોડા સમય પછી ગાય રૂપે આવીને કહે, **"કાલે તમારી દીકરીને નિશાળે ન મોકલશો."** બીજા દિવસે સ્કૂલનું મોટું ફંકશન હતું. દીકરીએ ફંકશનમાં જવાની ખૂબ જ જીદ કરી. માએ દીકરીને રૂમમાં પૂરી દીધી. પ્રસંગ પછી સમાચાર આવ્યા કે **સ્કૂલનું મકાન બેસી ગયું.** માને થયું કે ચેતવણી આપી **દેવે દીકરીને બચાવી!** આ પ્રસંગ વાંચી આપણે નિર્ણય કરીએ કે ઉપકારીઓ, વડિલો અને સર્વને મરતાં નવકાર અવશ્ય સંભળાવીશું. તેથી તેમને સદ્ગતિ મળવાની શક્યતા ઘણી છે. પછી સદ્ગતિની પરંપરા ચાલે. **દેવ બનીને ગાય મળવા આવી તેથી તે બહેનની શ્રદ્ધા, આરાધના વગેરે ઘણાં વધી** ગયાં. આ બહેન હજુ ય હયાત છે.

## [૩૧] કિશોરની મોટાઈ

અનેક ધર્માત્માઓના કારણે **ખંભાત** ધર્મપુરી તરીકે પ્રસિદ્ધ છે. ત્યાં પ. પૂ. આ. ભ. શ્રી **મુક્તિચંદ્રસૂરીશ્વરજી મ. સા.** ૨૩ વર્ષ પૂર્વે પધારેલા. ખંભાતનો ૧૭ વર્ષનો યુવાન શાંતિ પાછલા ભવનો સાધક જીવ હતો. **વ્યાખ્યાન સાંભળી** ભાવ એવા ઉલ્લસિત થઇ ગયા કે **બીજા જ દિવસથી રાત્રિભોજનત્યાગ અને કંદમૂળત્યાગનો નિયમ તો કર્યો પણ ઉકાળેલું પાણી પણ પીવાનું શરૂ કરી દીધું!** આચારમાં એટલી દૃઢતા કે **૨૩ વર્ષથી આ ત્રણે આરાધના ચાલુ જ છે! ચોવિહારમાં ખૂબ મક્કમ.** તેથી ઘણી વાર **નોકરી પણ છોડી દીધી છે.** સૂર્યાસ્ત પહેલાં જમવા નોકરીના સ્થળથી નીકળે, છતાં કોઈ મુશ્કેલીના કારણે સૂર્યાસ્ત રસ્તામાં થઇ જાય તો રસ્તામાં જ ચોવિહાર કરી લે! **મુંબઈ**માં ઘણે દૂર નોકરી હોય. તેથી **ચોવિહારની અગવડ ખૂબ પડે. તેથી મોહમયી મુંબઈને સલામ કરી** ગુજરાતમાં રહેવા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આવી ગયા! હવે તો ધર્મપુણ્યથી શેઠ ખૂબ સારા મળી ગયા છે. **શેઠે ચોવિહાર માટે સાંજે રોજ વહેલા જવાની રજા આપી દીધી છે!**

આ વર્ષે તો **વર્ષીતપ** ઉપાડ્યો છે. **શ્રાવિકા પણ ધર્મપ્રેમી મળ્યાં છે**. બંને પોતાના **બાળકને** પણ ખૂબ **ધાર્મિક સંસ્કારો** આપે છે. ત્રણે ઉકાળેલું પાણી જ પીવે છે! શાંતિભાઈને ધર્મક્રિયાની **વિધિ પ્રત્યે** પણ ખૂબ **રાગ** છે! આવા જીવ આસન્ન-ભવ્ય હોઈ શકે છે. વળી શાંતિભાઈ **રોજ ત્રિકાળ પૂજા** કરે છે! **બંને પ્રતિક્રમણ** ઉપરાંત **એક સામાયિક** પણ કરે છે. હે ભવ્યો! **તમે** પણ શાંતિભાઈના જીવનમાંથી એટલી પ્રેરણા તો અવશ્ય લો જ કે મારે પણ દૃઢપણે **કાયમ ચોવિહાર કરવો** જ. એમ નરકમાં ધકેલી દેનાર રાત્રિભોજનના પાપને તિલાંજલી આપી દો. વળી ૧૭ વર્ષનો કિશોર કાયમ ઉકાળેલું પાણી પી શકતો હોય તો તમારે માટે શું એ અશક્ય છે ? તમને ઘણાંને તો નિવૃત્તિ, પ્રૌઢ વય, ધંધાની માલિકી વગેરે ઘણી **અનુકૂળ સામગ્રી મહા પુણ્યે મળી છે**. તેથી **ચોવિહાર કરવો તમારે માટે સહેલો** છે. તો પુણ્યનો સદુપયોગ કરી સદ્ગતિ ભવોભવ મેળવો એ જ શુભેચ્છા.

## [૩૨] અનુમોદનીય આરાધના વિધિ

ખડકી(**પૂના**)ના **ચંદ્રાબહેન** બાબુલાલ સંઘવીએ જીવનમાં **ઘણી બધી આરાધના** કરી છે. હે ધર્મીજનો, તમે ધ્યાનથી વાંચતાં, અનુમોદના કરતાં કરતાં, યથાશક્તિ આરાધના આ જન્મમાં કરવાની પ્રેરણા મેળવી જન્મને સફળ કરો. એમની મુખ્ય મુખ્ય આરાધનાઓ નીચે મુજબ છે :-

- ૪ માસી, અઢીમાસી, દોઢમાસી, માસક્ષમણ-૨,૧૬ ઉપવાસ વગેરે
- શ્રેણિતપ, સિદ્ધિતપ, કંઠાભરણ તપ, ચત્તારી-અટ્ઠતપ,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

- વર્ષીતપ :- ઉપવાસ, છઠ્ઠ અને અઠ્ઠમથી એક એક.
- શ્રી મહાવીર સ્વામીના છઠ્ઠ-૨૨૯, શ્રી પાર્શ્વનાથજીના અઠ્ઠમ ૧૦૮, બીજા ૧૦૦૦ થી વધુ અઠ્ઠમ.
- વીસ સ્થાનકની ઓળી :- ઉપવાસ, છઠ્ઠ અને અઠ્ઠમથી એક એક
- ક્ષીરસમુદ્ર, સમવસરણ, સિંહાસન, મોક્ષદંડક વગેરે તપ..
- ધર્મચક્ર, શત્રુંજય તપ, અક્ષયનિધિતપ વગેરે અનેક
- વર્ધમાન આયંબિલ તપની ઓળી ૧૦૧
- સળંગ આયંબિલ એક વાર ૮૨૫, બીજી વાર ૫૦૦
- અઠ્ઠાઈ ૧૫૦, છઠ્ઠ-૨૦૦, ૨૪ ભગવાનનાં એકાસણાં-૧૨ વાર. ઉપરાંતમાં આયંબિલથી ઉપધાન, શત્રુંજયની નવ્વાણું, છ મહિનાના છ'રી પાલક સંઘમાં યાત્રા, નવ લાખ નવકાર વગેરે ઘણી આરાધના કરી છે.

ધન્ય છે આવા તપ પરિણતિવાળા આત્માઓને!

જિંદગીભર ન થાય તો પણ અવારનવાર આવા કોઈ તપ કરી કર્મ ખપાવી અંતે અણાહારી પદ પામવાની આપણને પણ સાચી ભાવના જાગે એવી પ્રભુને પ્રાર્થના કરીએ.

## [33] ઘર દેરાસરનો પ્રભાવ

**વાસણામાં દિનેશભાઈએ લગભગ ૨૦ વર્ષ પહેલાં પોતાના બંગલામાં પ્રભુજીને પધરાવ્યા.** ઘર-દેરાસર બનાવી પ્રભુજીને બિરાજમાન કર્યાં. પ્રભુજીની પધરામણીને પ્રતાપે પૂ. આચાર્ય ભગવંતો વગેરે અવાર-નવાર ઘેર પધારે. પૂજ્યોના સંસર્ગથી ધર્મ વધવા માંડ્યો! પરિવાર પણ આરાધનામાં આગળ વધવા માંડ્યો! પછી તો પુણ્યોદયે ઘરથી પંદર ડગલાં દૂર જ સંઘનું શિખરબંધી દેરાસર બંધાઈ ગયું!



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સુવિશુદ્ધસંયમી પ. પૂ. આચાર્યશ્રી વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મ. સા. તથા તપસ્વીસમ્રાટ પ.પૂ. આચાર્યશ્રી વિજય હિમાંશુસૂરીશ્વરજી મ.સા. આદિ અનેક મહાપુરુષો વારંવાર તેમના નિવાસસ્થાને પધારતા. તેથી યુવાન પુત્રો પણ ધર્મી બનવા માંડ્યા. **એંજિનિયર પુત્ર શ્રીપાલે વેવિશાળ પહેલાં કન્યા સાથે સ્પષ્ટ ખુલાસો કર્યો કે, ઘરમાં ટી.વી. નથી.** ભવિષ્યમાં આવવાની શક્યતા નથી. આવા કળિયુગમાં પણ **કન્યા સંસ્કારી હતી તેથી લગ્ન માટે સંમત થઈ** અને શ્રીપાલનાં લગ્ન થયાં! **નાનો શ્રેણિક C.A. પાસ થયો.** નોકરીમાં શરૂઆતથી જ સાત હજારનો પગાર મળે છે. તેણે પણ વેવિશાળ પહેલાં જ આ ખુલાસો કર્યો. **તેને પણ બહુ સંસ્કારી કન્યા મળી! બંને ભણેલા યુવાન ભાઈઓ અત્યારે રાત્રિ-ભોજન કરતા નથી!**

**આજના યુવાનોએ આ સત્ય ઘટના પરથી ધડો લેવો જોઈએ.** આ કાળમાં પિતાજીની નારાજી હોવા છતાં યુવાન પુત્રો ટી.વી. લાવે. પિતાજી વગેરે સામાયિક વગેરે આરાધના કરતાં હોય ત્યારે પણ પુત્રો મોટેથી ટી.વી. ચાલુ કરી ઉપકારી પૂજ્યોને પણ ધર્મમાં અંતરાય કરી અવિવેક કરી ગાઢ પાપ બાંધે છે. ઘરમાં ઉપજતું ન હોય તેવા પુત્રો આવનારી પોતાની પત્નીને ખાનગીમાં કહે કે, "તું ચિંતા ન કરીશ. લગ્ન પછી ટી.વી. લાવીશ જ." વહુ પણ લગ્ન પછી કાનભંભેરણી કરી પતિને જુદો કરાવી ટી.વી. લઈ આવે! આવા જાતજાતના કિસ્સા આજે બને છે. ત્યારે **આ ધર્મી કુટુંબ આજે પણ વગર ટી.વી. એ સંપ, સંયમ અને પ્રેમથી કિલ્લોલ કરે છે!** ખૂબ ધનવાન છતાં આવા ટી.વી. વિનાના ઘર કેટલાં મળે ? **ધન્ય છે આવા ધર્મપ્રેમીઓને!** હે. હિતકારી જૈનો, તમે પણ સપરિવાર સતત સાધુઓના સમાગમમાં રહી ભાવથી સુંદર આરાધના કરો અને પાપકર્મથી બચો.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## [૩૪] પુષ્પપૂજાનો પમરાટ

**કલકત્તાનિવાસી ચાંદમલજી બરડિયા** કાપડના વ્યાપારી છે. **પુષ્પપૂજાનો પ્રભાવ,** મહત્તા, એનાં અનંત ફળ વગેરે મહાત્માઓ પાસે સાંભળીને તેમને ખૂબ સુંદર અસર થઈ. **બધા આવી ફૂલપૂજાનો અદ્‌ભુત લાભ લે તો કેવું સારું તેવા ભાવ હૈયામાં ઊછળવા લાગ્યા!** કલકત્તામાં મોટા દહેરાસરમાં ફૂલો, ડમરો વગેરે મહામુશ્કેલીએ મળે છે. **ચાંદમલજી વહેલા ઊઠી ફૂલબજારમાંથી ઘણાં ફૂલો ખરીદી બધાં મોટા દહેરાસરે ગભારા પાસે થાળીમાં મૂકી આવે.** ધંધાર્થે ક્યારેક **બહારગામ જવું પડે ત્યારે** આ લાભ મળે નહીં. તેથી હૈયું ખૂબ રડતું. ખૂબ વિચારતાં આનો ઉકેલ શોધી કાઢ્યો. પોતાના **એક માણસને વધારાનો પગાર આપી બધા દહેરાસરે ફૂલો પહોંચાડવાનું ગોઠવી દીધું.** આજે પણ આમ હજારોને ફૂલપૂજા કરાવી પ્રશંસનીય મહાન લાભ લે છે!!

નવા નવા શ્રાવકોનો પરિચય થાય ત્યારે તેમની સાથે પણ આ શ્રેષ્ઠ **પ્રભુભક્તિમાં વધુ ભાવિકો જોડાય એની ચર્ચા-વિચારણા કરી તેવા ઉપાયો કરે છે! હાવરામાં** ૯ માળના નવા મોટા બિલ્ડીંગના **ફલેટો** પોતાના પરિવાર માટે **એ શરતે ખરીદ્યા કે અગાશીનો જરૂરી ભાગ દહેરાસર માટે બિલ્ડર આપી દે!** તમે શું કરો ? અગાશીમાં કૂંડામાં ફૂલોના છોડ ઉગાડવા જેવા વિલાસના કામ કરો ને ? આ ભાગ્યશાળી કેવા કે મોજશોખના નહિ પણ પ્રભુભક્તિના વિચારોમાં અને કાર્યોમાં જ સદા ખોવાયેલા રહે. અને આ ખરીદેલી જગામાં **સ્વદ્રવ્યથી સુંદર પંદર લાખનું જિનાલય બંધાવી સંઘને અર્પણ કર્યું!** કેવા નિઃસ્પૃહી! બિલકુલ ઈચ્છા નહિ છતાં સભ્યોના અતિ આગ્રહથી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ટ્રસ્ટી થવું પડ્યું. **દહેરાસરના વિશિષ્ટ પ્રસંગોમાં ઉછામણી બોલીને જ લાભ લે છે.**

શ્રી **સમેતશિખરજીની યાત્રા બધા સરળતાથી કરી શકે** માટે શક્ય **સુવિધાઓ** ઊભી કરી છે. મિત્રો સાથે ભોમિયાજી ભવન બનાવરાવ્યું. આજે તો ત્યાં શ્રી **શાંતિનાથ ભગવાનનું દેવાલય, ભક્તામર મંદિર** અને ભોમિયાજીનું સ્થાન બની ગયું છે. ભોજનશાળા અને ૧૦૦ રૂમની **ધર્મશાળા** પણ તૈયાર કરાવી દીધી. તેઓ આ સંસ્થાના મંત્રી તરીકે સેવાનો લાભ લે છે.

**ભોમિયાજીની પ્રતિષ્ઠા વખતે** તેમને જાણવા મળ્યું કે શ્રી પાર્શ્વનાથ પ્રભુની ૧૨,૫૦૦ સફેદ ફૂલોથી પૂજા સાથે જાપ કરવાથી ઘણો લાભ થાય. તરત કલકત્તાથી ફૂલો મંગાવી બધા યાત્રાળુ સાથે પુષ્પપૂજા કરી. હાલમાં પણ આ સરળ સ્વભાવી **બરડિયાજી આમ આગવી રીતે પ્રભુભક્તિ વગેરે કરી-કરાવી રહ્યા છે.** હે ભવ્યો! માત્ર **૧૮ ફૂલથી કુમારપાળ રાજાને ફૂલપૂજાનું** કેવું સુંદર ફળ મળેલું? તો ભક્તિભાવથી આમ આ **ચાંદમલજીએ ફૂલપૂજા સ્વયં કરી, અનેકો પાસે કરાવી કેવું પુણ્યાનુબંધી પુણ્ય બાંધ્યું હશે ?** તમે પણ આવા ભાવથી ફૂલપૂજા વગેરે કરી સાચું સુખ પામો એ મનોકામના.

## [૩૫] પરોપકારાય સતાં વિભૂતયઃ

**અમદાવાદમાં** આજે તો આ પુણ્યશાળી કરોડપતિ છે. નામના નહીં ઈચ્છતા તેમને આપણે **રામલાલભાઈ**ના નામે ઓળખીશું, લગભગ ૪૦ વર્ષ પહેલાં તેમની સ્થિતિ સાવ સામાન્ય હતી. તે વખતે નોકરી કરતા હતા. **પગાર** માસિક **રૂ. ૩૦-૦૦** હતો. તેમના ઉદાર



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**શેઠ બધા માણસોને બપોરે ચા પીવડાવે.** રામલાલ સાથે નોકરી કરનાર **એક ભાઈ આર્થિક મુશ્કેલીમાં હતા.** પિતા વગેરેની જવાબદારી તેમના ઉપર હતી. રામલાલે વિચાર્યું, ''હું ચા છોડું તો એમને એટલો ટેકો થઈ જશે અને ૧ કપ ચા ન પીધી હોય તોય શું લૂંટાઈ જવાનું છે ?'' આમ નિર્ણય કરી **ત્યાગ કરી તેના માસિક રૂ. ૭II ની બચત કરી તેમને આપી દેવાની વ્યવસ્થા કરી દીધી!** આમ **બીજાની ચિંતા ને કાળજી રાખનાર** આજે કોણ છે ? વળી પોતાની આવક પણ ખૂબ જ થોડી. માસિક પ**ગારના ૨૫%** રકમ આમ વગર મફતના **બીજાને આપવા કોણ તૈયાર થાય?** પરોપકાર-પરાયણતા, ઉદારતા, સર્વ પ્રત્યે આત્મીયતા વગેરે ગુણો ત્યારે પણ હતા અને આજે સંપત્તિની રેલમછેલના પુણ્યોદય વખતે પણ ટકાવી રાખ્યા છે! પછી તો સુખી થયા. **ફેક્ટરીના માલિક બન્યા.** આજથી ૧૭ વર્ષ પહેલાં કામ વધવાથી **મજૂરોને ઓવરટાઈમ** આપવો પડ્યો. વધારાનો પગાર તો આપવાનો જ હતો. છતાં પરગજુ **રામલાલભાઈને થયું કે મજૂરો ભૂખ્યા કામ કરે એ વાજબી નથી.** બધાંને ચા-નાસ્તો કરાવ્યો. પછી તો વારંવાર ઓવરટાઈમ કામ કરાવવું પડતું. તો તેમણે એક પ્રથા શરૂ કરી કે **ઓવરટાઈમ વખતે મજૂરોને ચા-નાસ્તો આપવાં.** સર્વ જીવ પ્રત્યે કેવી આત્મીયતા!

## ★ ત્રીજો ભાગ સંપૂર્ણ ★



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિષયવિલાસી લોકો ગમે તે રીતે ભોગવિલાસ મેળવવા મથે છે. એકટરો, શ્રીમંતો વગેરેની સુખ-સગવડતાઓની લાલ પીળી વાતો મેગેઝીનો ઈત્યાદિથી જાણી ખૂબ હર્ષિત થાય છે.

હે જૈનો ! તમે ધર્મપ્રેમી છો. યથોલ્લાસ દર્શન આદિ ધર્મ કરો છો. આવા કલિકાળમાં પણ બીજા ધર્મી કયો, ધર્મ કરે છે તે જાણવાની તમને જિજ્ઞાસા પણ થાય છે. આ પુસ્તિકાના ત્રણે ભાગમાં **અજબ ગજબની આરાધના કરતા ધર્મીઓની આ સદીની સત્ય ઘટનાઓ** તમને વાંચવા મળશે. જાણીને તમે યથાશક્તિ આરાધના કરવા દ્વારા અને અનુમોદના દ્વારા આત્મહિત સાધો એ જ મનોકામના.

મેગેઝીનો, છાપા વગેરેના બહેકાવનારા લખાણોથી દુનિયા આજે ગેરમાર્ગે ઢસડાઈ રહી છે ત્યારે **વૈશાખી બળબળતી બપોરે આંબાવાડિયા જેવા આ પુસ્તકના વર્તમાનના પ્રસંગો** સન્માર્ગ અને સાચી આત્મશાંતિ અર્પ... ...થી વારંવાર વાંચી, વંચાવી સ... ...ાંતિ મેળવો એ જ સદા માટે શુ...

Serving JinShasan
095001
gyanmandir@kobatirth.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org